
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

માર્ચ, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



આરબ ભૂમિમાં અબુધાબી ખાતે યુ.એ.ઈ.નું સર્વપ્રથમ પરંપરાગત
બી.એ.પી.એસ. હિન્દુ મંદિર રચીને
**મહંત સ્વામી મહારાજે મંદિરના સંકલ્પકર્તા**
**પ્રમુખસ્વામી મહારાજને અર્પી ભક્તિ-અંજલિ...**








અયોધ્યા ખાતે શ્રીરામજન્મભૂમિમાં શ્રીરામલલ્લાની પ્રતિષ્ઠાના ઉપક્રમે બી.એ.પી.એસ.નાં હજારો મંદિરો-કેન્દ્રો રોશનીથી ઝળહળી ઊઠ્યાં હતાં. સાથે સાથે પ્રતિષ્ઠા દિને આ મંદિરોમાં ભગવાન શ્રીરામની શોભાયાત્રા પણ ધામધૂમથી યોજાઈ હતી. સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હી (ઉપર) અને ગાંધીનગર (નીચે) રોશનીથી ઝગમગી ઊઠ્યાં હતાં. અમદાવાદ ખાતે ભગવાન શ્રીરામની રથયાત્રાનું વહન કરતા સદ્‌ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય વરિષ્ઠ સંતો.



# સંપાદકીય



## રણમાં ખીલ્યું કમળ...

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો જીવનમંત્ર પહોંચ્યો ચંદ્ર પર...

૬. બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવનો પ્રારંભ

૯. સ્વામિનારાયણ સત્સંગપત્રિકા

૧૬. કણાદ-સુરત ખાતે નિર્માણાધીન અક્ષરધામ મહામંદિરનો પ્રથમ સ્તંભરોપણ તથા નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસવિધિ

૨૨. નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૫. ઑસ્ટ્રેલિયાના આલ્બરી શહેરમાં નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૬. કાર્યકર શિબિર

૨૭. મહેળાવ ખાતે ઊજવાયો મંદિરનો રજતજયંતી મહોત્સવ

૨૯. જાહેરાત

૩૦. શ્રીરામચંદ્રજીની પ્રતિષ્ઠા વેળાએ હજારો બી.એ.પી.એસ. કેન્દ્રોમાં શ્રીરામલલ્લાનાં વધામણાં...

૩૪. અભિનંદન


રણમાં ખીલેલા કમળની જેમ આરબ દેશોની ધરતી પર અબુધાબીમાં ભવ્ય અને દિવ્ય ગુલાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની ભેટ આપીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સનાતન ધર્મની ધજાઓને વિશ્વના ગગનમાં વધુ ઊંચે ફરકાવી છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આજથી ૨૫ વર્ષ પહેલાં સન ૧૯૯૭માં શારજાહના રણમાં પ્રાર્થનાઓનો પ્રવાહ વહાવતાં વહાવતાં સહજ સંકલ્પ કર્યો હતો કે અબુધાબીમાં એવું શિખરબદ્ધ મંદિર કરવું છે, જેનાથી બે દેશો એકબીજાની નજીક આવે, વધુ શાંતિ સ્થપાય, એકતા સ્થપાય. જો કે સમગ્ર વિશ્વમાં રાજકીય, સામાજિક અને ધાર્મિક માન્યતાઓનો એ એક એવો સમય હતો કે કોઈને કલ્પનામાં પણ ન આવી શકે કે આવો સંકલ્પ ખરેખર સાકાર થઈ શકે!

પરંતુ આજે ૨૫ વર્ષે એક વધુ વખત એ દીવા જેવું સ્પષ્ટ થઈ ગયું છે કે ગુણાતીત મહાપુરુષોના સંકલ્પમાં શક્તિ હોય છે. સમયની પેલે પાર જઈને પણ એ સંકલ્પ સાકાર થઈને જ રહે છે. યુ.એ.ઈ.ના પ્રેસિડેન્ટ તથા અબુધાબીના રાજવી શ્રી શેખ મહમ્મદ બિન ઝાયેદ અલ નહ્યાન અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મૈત્રીપૂર્ણ સંબંધોની આબોહવામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ પૂર્ણ કર્યો. મહંત સ્વામી મહારાજ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના જન્મદિન વસંત પંચમીના પવિત્ર પર્વે, આ ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું લોકાર્પણ કર્યું ત્યારે તે માત્ર પ્રમુખસ્વામી મહારાજને જ નહીં, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સનાતન ધર્મના તમામ આદિપુરુષોને એક મહાન અંજલિરૂપ અવસર બની રહ્યો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું આ એક એવું સોપાન બની રહ્યું કે જેનાથી સનાતન ધર્મનો ડંકો જગતના ચોકમાં ગુંજી ઊઠ્યો. આગામી 'પ્રકાશ'માં તેની કેટલીયે અજાણી વિશેષ વિગતો માણીશું. ત્યાં સુધી જય સ્વામિનારાયણ... ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥




ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૩,**
**માર્ચ, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજનો કરુણાનો સાર્વત્રિક સંદેશ લઈને ઐતિહાસિક IM-1 મૂન લેન્ડરનું

# ચંદ્ર પર સફળ ઉતરાણ...



લગભગ છેલ્લી પોણી શતાબ્દીથી ચંદ્ર વિશ્વના વિજ્ઞાનીઓનું એક આકર્ષણનું બિંદુ બન્યો છે. અંતરિક્ષમાં પહોંચવાની વિશ્વના વિજ્ઞાનીઓમાં જાગેલી તાલાવેલીના પરિણામે આખરે માનવીએ ચંદ્ર પર ઉતરાણ કર્યું અને તેના કારણે અનેક તકનિકી લાભો આજે વિશ્વને પ્રાપ્ત થયા છે. તાજેતરમાં ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સર્વ પ્રથમ ઉતરાણ કરીને વિશ્વને ચકિત કરી દીધું છે.

એ જ શૃંખલામાં તાજેતરમાં અમેરિકાના એક ચંદ્રયાને પુનઃ દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરીને એક નવો વિક્રમ સર્જ્યો છે.

૨૨ ફેબ્રુઆરી, ગુરુવારે, યુ.એસ. સમય પ્રમાણે સાંજે ૬ઃ૨૩ વાગ્યે, અને ભારતના સમય મુજબ ૨૩ ફેબ્રુઆરીની વહેલી સવારે, વિશ્વ પ્રસિદ્ધ અમેરિકન અંતરિક્ષ વિજ્ઞાની સંસ્થા NASA અને SpaceXના સહિયારા ઉપક્રમે ચંદ્ર પર IM–1 ઓડિસિયસ મૂન લેન્ડરનું સફળતાપૂર્વક ઉતરાણ થયું છે. ભારત, સનાતન હિન્દુ ધર્મ અને વિશ્વના ધાર્મિક ઇતિહાસ માટે એક ગૌરવવંતી ઘટના એ છે કે આ ચંદ્રયાનની સાથે ભારતના વૈશ્વિક મહાન સંતવિભૂતિ અને પ્રસિદ્ધ હિન્દુ ધર્મગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ(૧૯૨૧-૨૦૧૬, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ)નાં વૈશ્વિક કાર્ય અને જીવન-ભાવનાને પ્રતિબિંબિત કરતો સંદેશ કોતરવામાં આવ્યો હતો. આ સંદેશ દ્વારા ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજને એક વૈશ્વિક અંજલિ આપવમાં આવી છે.

તા. ૨૨મી ફેબ્રુઆરીએ જ્યારે ચંદ્ર પર આ યાને ઉતરાણ કર્યું ત્યારે મિશન ડિરેક્ટર ટીમ ક્રેન દ્વારા આ મિશનની સફળતાની જાહેરાત કરવામાં આવી હતી, 'ઓડિસિયસને તેનું નવું ઘર મળ્યું છે.' IM–1 લેન્ડરના ચંદ્ર પરના દક્ષિણ ધ્રુવ પરના સફળતાપૂર્વક ઉતરાણની સાથે સાથે, આ લેન્ડરમાં એરોસ્પેસ કંપની 'રિલેટિવ ડાયનેમિક્સ' દ્વારા નિર્મિત અને પ્રમુખસ્વામી મહારાજના સંદેશને અંકિત કરતી એક ખાસ પથ્થરમાંથી બનાવાયેલી ડિસ્ક ચંદ્ર પર

# સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો જીવનમંત્ર પહોંચ્યો ચંદ્ર પર...



સ્થાપિત કરવામાં આવી છે, ચંદ્ર પર તેના પહોંચવાની ક્ષણોને સૌએ વધાવી લીધી હતી.

આ મિશન છેલ્લાં ૫૦ વર્ષોમાં યુ.એસ.એ.ના ઍરક્રાફ્ટ દ્વારા ચંદ્રની સપાટી પરના સૌપ્રથમ નિયંત્રિત ઉતરાણ હોવાની સાથે સાથે NASA(નાસા)ના ઍડમિનિસ્ટ્રેટર બિલ નેલ્સનના કહેવા મુજબ 'માનવજાતની સફળતા' રૂપ પણ છે. આ સફળતા વિજ્ઞાન અને આધુનિકતમ ટેક્નોલોજીના અદ્ભુત વિનિયોગની સાથે કરુણા અને સંવાદિતાને મૂર્તિમંત કરી બતાવનાર આધ્યાત્મિક ગુરુના વૈશ્વિક સંદેશમાં રહેલી છે.

IM–1ના ઉતરાણ પહેલાં, Intuitive Machines(ઇંટ્યુટિવ મશીન્સ) દ્વારા પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક જીવન અને સંદેશને linkedin (લિકન્ડઇન) પર આ રીતે અંજલિ આપવામાં આવી હતી: ''Intuitive Machines(ઇંટ્યુટિવ મશીન્સ) અને Relative Dynamics(રિલેટિવ ડાયનેમિક્સ), એ બંનેના સહકારથી નિર્મિત IM–1 મિશન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાંચમા ગુરુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને શાશ્વત અંજલિ આપવા જઈ રહ્યું છે. હિન્દુ આધ્યાત્મિક ગુરુ પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ સેવામય જીવનને અંજલિ અર્પતા શબ્દો ડિસ્ક પર કોતરવામાં આવ્યા છે. અવકાશ સંશોધનમાં રાષ્ટ્રો અને વિવિધ કોર્પોરેશનો વચ્ચેનો આ પ્રકારનો સાંસ્કૃતિક સહયોગ સહિયારા મૂલ્યો, પ્રયત્નો અને જવાબદારીને વિકસિત કરે છે.''

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'ની અમદાવાદ ખાતે ઉજવણી ખૂબ શાનદાર રીતે કરવામાં આવી હતી. આ દરમિયાન ૨૯ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ આ ડિસ્કનું બી.એ.પી.એસ.ના વર્તમાન આધ્યાત્મિક ગુરુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વેદોક્ત પૂજન કર્યું હતું. આ ડિસ્કમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પણ વિશ્વમાં સૌની સુખાકારી અને શાંતિ માટે વ્યક્ત થયેલી પ્રાર્થના મૂકવામાં આવી છે: ''બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના આનંદમાં આપણો આનંદ છે. આ જીવનસૂત્ર સાથે, વૈશ્વિક આધ્યાત્મિક ગુરુ અને આપણા સમયના મહાન સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તેઓનું સમગ્ર જીવન માનવજાતના ઉત્કર્ષ માટે સમર્પિત કર્યું હતું. તેઓના જન્મશતાબ્દીના અવસરે, હું ભગવાન સ્વામિનારાયણનાં પાવન ચરણોમાં પ્રાર્થના કરું છું કે નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને આત્મસાત્ કરીને સૌ પરમ આનંદ અને સુખ પ્રાપ્ત કરે. સમગ્ર વિશ્વમાં એકતા અને સંવાદિતા સ્થપાય. સર્વત્ર પરસ્પર પ્રેમ અને આદર વધે. સૌના શુભ સંકલ્પો સાકાર થાય.''

Intuitive Machines(ઇંટ્યુટિવ મશીન્સ)ના સીઈઓ સ્ટીફન આલ્ટેમસે જણાવ્યું છે કે ''સૌના સહિયારા સહયોગ અને આવાં સહિયારા મૂલ્યો દ્વારા અવકાશી સંશોધનો આપણા સૌના માટે, સમગ્ર માનવજાત માટે ઉપકારક છે.''

આ રીતે IM–1 દ્વારા સનાતન હિન્દુ ધર્મની 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના તથા સંવાદિતા, એકતા અને કરુણાનો સાર્વત્રિક સંદેશ ચંદ્ર પર પહોંચ્યો છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને સનાતન ધર્મના આવા વૈશ્વિક મહાન સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનો તેમની આકૃતિ સાથેનો પવિત્ર સંદેશ ચંદ્રની ધરતી પર પહોંચ્યો છે તેનાં અજવાળાં ભવિષ્યમાં હજુ વધુ વિસ્તરશે અને વિશ્વને તેમાંથી પ્રેરણા મળતી રહેશે. ચંદ્ર પર ભારતીય સંત મહાપુરુષને અંજલિ આપતા આ એક અજોડ ગૌરવવંતા અવસરનો આનંદ સૌ કોઈ માણી રહ્યા છે. ◆

ચંદ્રયાન IM–1ની અંદર જડવામાં આવેલી એ ઐતિહાસિક ડિસ્ક, જેમાં પ્રમુખસ્વામી મહારાજનો સંદેશ અંકિત કરાયો છે...



વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરીને મહંત સ્વામી મહારાજે શુભપ્રાર્થના અને આશીર્વાદ સાથે આ ઐતિહાસિક ડિસ્કને પ્રાસાદિક કરી...



# બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવ

## સુરત ખાતે મહંત સ્વામી મહારાજના હસ્તે થયો મંગલ શુભારંભ



કોઈપણ જાહેર સંસ્થાની કરોડરજ્જુ છે તેના સમર્પિત કાર્યકરો.

નિષ્ઠા, સમર્પણ, ભક્તિ અને સેવાની લગનીથી છલકાતા કાર્યકરો જ્યાં હોય ત્યાં પ્રત્યેક કાર્યમાં એક આગવો પ્રભાવ નીખરી ઊઠે છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તેનું એક જ્વલંત ઉદાહરણ વિશ્વને પૂરું પાડે છે. ગુજરાતનાં આદિવાસી ક્ષેત્રોથી લઈને અમેરિકા ખંડ સુધી ઠેર ઠેર વિસ્તરેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની, અનેકવિધ સામાજિક કે આધ્યાત્મિક સેવાપ્રવૃત્તિઓની આધારશિલા છે – બી.એ.પી.એસ. સંસ્થાના સમર્પિત કાર્યકરો.

પ્રત્યેક કાર્યકર એટલે એક નિરાળો સમર્પિત સ્વયંસેવક. જેને સ્વાર્થ નહીં, પરંતુ પરમાર્થની જ લગની છે, જેને પોતાની શક્તિ કરતાં ભક્તિની શક્તિ પર વિશેષ ભરોસો છે, જેને નિષ્ઠાનું આધ્યાત્મિક બળ નિ:સ્વાર્થ સેવા માટે દિવસ-રાત થનગનતો રાખે છે. આવા કાર્યકરો, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ભવ્યતા અને દિવ્યતામાં ચાર ચાંદ લગાડે છે.

આમ તો, ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી આ નિ:સ્વાર્થ સેવાની સરવાણી અવિરત વહી રહી છે. સન ૧૯૦૭માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના થયા બાદ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં આ સત્સંગ-કાર્યકરો દ્વારા સેવાની પ્રવૃત્તિઓ અહોરાત્ર ગતિમાન હતી જ, પરંતુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દીર્ઘદૃષ્ટિથી આયોજન કરીને કાર્યકરોનું એક વિધિવત્ માળખું અને બંધારણ સ્થાપિત કર્યું હતું. એ વાતને આજે ૫૦ વર્ષનો સમય વીતી ગયો છે. તેઓના પ્રચંડ પુરુષાર્થથી બી.એ.પી.એસ. સંસ્થાના એક લાખથી વધુ સમર્પિત કાર્યકરો-યુવાનોનું એક વિશાળ વૃંદ તૈયાર થયું છે. આ કાર્યકરોની નિ:સ્વાર્થ સેવાઓને બિરદાવવા માટે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ગૌરવવંતા 'બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવ' પર્વનો મંગલ આરંભ કરવામાં આવ્યો છે. તાજેતરમાં સુરત ખાતેના નિવાસ દરમ્યાન પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તેનો વિધિવત્ શુભારંભ કર્યો છે. તેના અહેવાલ પર એક નજર કરી સ્વામીશ્રીના સુરતના વિચરણને ક્રમશઃ માણીએ...



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ લગભગ સતત સાત અઠવાડિયાં સુધી સુરતમાં કણાદ ખાતે નિર્માણાધીન અક્ષરધામ પરિસરમાં બિરાજમાન હતા તે દરમ્યાન વિવિધ સત્સંગ કાર્યક્રમોનો સિલસિલો ગતિમાન રહ્યો હતો. જેમાંનો એક કાર્યક્રમ એટલે 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'નો શુભારંભ. તા. ૨૮-૧-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને તેનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં બાળ-યુવાપ્રવૃત્તિના કાર્યકરોએ પ્રેરક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. સંવાદ, વીડિયોદર્શન તથા સંતોનાં પ્રાસંગિક પ્રવચનોની સાથે સાથે બાળ-યુવાપ્રવૃત્તિનાં કાર્યોની ઝાંખી પણ કરાવાઈ હતી. તદુપરાંત કાર્યકર સુવર્ણ મહોત્સવના વાર્ષિક હેતુઓ વિવિધ માધ્યમો દ્વારા જણાવાયાં. આ વાર્ષિક હેતુઓ સફળ થાય તે માટેનાં સુંદર આયોજનો ક્રમબદ્ધ રજૂ થયાં. સત્સંગપ્રવૃત્તિના કન્વીનર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય સંભાળી રહેલા પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી વગેરેએ પ્રેરક સંબોધનો કર્યાં.

આ પ્રસંગે સમર્પિત કાર્યકરોની અમૂલ્ય સેવાઓને બિરદાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''સનાતન વૈદિક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તનની આ સેવા મળી તે આપણું પરમ સૌભાગ્ય છે. આ સેવાથી શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષનો કરોડગણો રાજીપો પ્રાપ્ત થશે. શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'તમે આ સેવામાં તત્પર રહેશો તો અનેક જન્મોનો રખડપાટ મટી જશે.' આવી મહામૂલી સેવા મળી છે તેનો અંતરમાં કેફ રાખવો.

પ્રમુખસ્વામી મહારાજ આપ સૌ કાર્યકરોને 'ધોળે લૂગડે સાધુ' કહેતા. કેમ કે તમારો ભોગ એવો છે, સમર્પણ એવું છે. અનેક ભીડો આપે વેઠ્યો છે, કેટલું બધું કર્યું છે! અમારાથી ઓછું નથી! મહિલા વર્ગે પણ ઓછું કર્યું નથી. બધાં સેવામાં મંડી પડ્યાં છે. તમે બધાં સંસાર-વ્યવહારને ગૌણ કરીને, સમર્પિત થઈને સેવા કરો છો. આ સમર્પણનું કાંઈ મૂલ્ય આંકી શકાય નહીં. કોઈ વળતર છે જ નહીં... એટલે આપ સાધુ જેવું જ કામ કરો છો. આપ સૌના અનન્ય સમર્પણ ભાવને બિરદાવવા જ આ 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' આપણે ઊજવવાનો છે.

આ મહોત્સવ આપણી ભગવદ્ નિષ્ઠાની વૃદ્ધિનો છે. સંસ્થા, સત્પુરુષ અને સિદ્ધાંત પ્રત્યેની અસ્મિતાની વૃદ્ધિનો છે. સંપ, સુહૃદભાવ ને એકતાની વૃદ્ધિનો છે. આ કાર્યકર સુવર્ણ મહોત્સવનાં બધાં જ આયોજનો નિર્વિઘ્ને સફળતાપૂર્વક યોજાય અને વરસના અંતે આ મહોત્સવની ઉજવણી ભવ્યતા અને દિવ્યતાથી થાય તે આશીર્વાદ છે.'' અંતમાં સ્વામીશ્રીએ 'કાર્યકર સુવર્ણ મહોત્સવની જય!' ગુંજાવી. આરતી-અર્ઘ્ય બાદ *'અમે સૌ યુવા, સ્વામીના સૂરા...'* જોશીલા કીર્તન પર સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો અને સૌએ બી.એ.પી.એસ.ની ધજાઓ ફરકાવી 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'નો મંગલ આરંભ કરાવ્યો હતો.





**સુરતમાં કણાદ ખાતે બ્રહ્માનંદ રેલાવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...**

તા. ૧૫-૧૨-૨૦૨૩ થી તા. ૫-૨-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરતમાં કણાદ ખાતે સત્સંગ-ભક્તિની રસલહાણ કરીને સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા હતા. સ્વામીશ્રીએ અહીં સમગ્ર દક્ષિણ ગુજરાતના સેંકડો ભક્તો-ભાવિકોને અધ્યાત્મ-સૌરભથી મહેકાવી દીધા હતા. હજારો મુમુક્ષુઓએ સ્વામીશ્રીનું પાવન સાંનિધ્ય પામીને અધ્યાત્મમાર્ગે આગળ વધવાનું પ્રેરણા-બળ પ્રાપ્ત કર્યું હતું. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં નિત્ય દિવ્યતાનું વાતાવરણ રચાયું હતું. નિયત દિવસોએ પ્રાતઃ પૂજા તેમજ સત્સંગ સભાઓનો લાભ પ્રાપ્ત કરવા માટે ઊમટતા વિશાળ ભક્તસમુદાયનો આનંદ-ઉમંગ-ઉત્સાહ અપૂર્વ હતો. આ વિશાળ ભક્તસમુદાયે ગુરુહરિનાં સુખરૂપ દર્શન-અમૃતવાણીનો આસ્વાદ પ્રાપ્ત કરીને કૃતાર્થતા અનુભવી હતી. બાળકોએ કાલીઘેલી ભાષામાં સુંદર મુખપાઠ અને સંગીતજ્ઞ કિશોરો-યુવકોએ કીર્તન-ભક્તિ રજૂ કરીને ગુરુદેવનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત દેશ-પરદેશના લાખો હરિભક્તો વિવિધ દિવસોએ જીવંત પ્રસારણ દ્વારા સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાનાં દર્શનનો ઘરે બેઠાં લાભ પ્રાપ્ત કરીને અહોભાગી બન્યા હતા.

૯૧ વર્ષની ઉંમરે સ્વામીશ્રીએ પોતાના સ્વાસ્થ્યને અવગણીને બાળકથી માંડીને વયોવૃદ્ધ પર હેતાળ-પ્રેમાળ વાત્સલ્ય વરસાવી સૌને બ્રહ્મરસથી રસભીના કરી દીધા હતા. સાથે સાથે અહીં અક્ષરધામ મહામંદિરના નિર્માણકાર્યની સેવામાં જોડાયેલા સંતો-ભક્તોને અનેરું માર્ગદર્શન આપીને તેઓ પર અઢળક કૃપા વરસાવી હતી. વ્યક્તિગત મુલાકાતોમાં પણ સ્વામીશ્રીએ હજારો હરિભક્તો ઉપરાંત વિવિધ સમાજના અગ્રણીઓ, ઉચ્ચ પદાધિકારીઓ, વ્યાવસાયિકો, લોકનેતાઓ તથા અન્ય ક્ષેત્રોના મહાનુભાવોને હેત-પ્રીતથી મળીને આશીર્વાદ આપ્યા હતા. સંસ્થાકીય મીટિંગો તેમજ આધ્યાત્મિક ગોષ્ઠિઓમાં સ્વામીશ્રીએ સંતોને અનેરું માર્ગદર્શન આપ્યું હતું. મંદિર નિર્માણકાર્યના વિવિધ વિભાગોની સેવામાં જોડાયેલા સ્વયંસેવકોને તથા દક્ષિણ ગુજરાતનાં વિવિધ ક્ષેત્રોના અસંખ્ય હરિભક્તોને સ્વામીશ્રીએ સમીપદર્શનથી લાભાન્વિત કર્યા હતા.

ગુરુહરિના સુસ્વાસ્થ્યની મંગલ કામના સાથે આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તોએ વ્રત-તપ-ઉપવાસ સાથે પદયાત્રા કરીને ઠાકોરજીનાં ચરણે ભક્તિ સમર્પિત કરી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પવિત્ર ધનુર્માસના પ્રત્યેક દિને સ્વામીશ્રીએ નિત્ય એક બ્રહ્મવિદ્યાનો પાઠ આપીને સૌને દિવ્ય સત્સંગ-ભક્તિ,

નિયમ-ધર્મનું અમૂલ્ય ભાથું બાંધી આપ્યું હતું. દેશ-પરદેશના લાખો હરિભક્તો ગુરુહરિના વરદ હસ્તે અપાતા બ્રહ્મવિદ્યાના પાઠનું મનન-ચિંતન કરીને તે મુજબ સત્સંગમાં વર્તવા કટિબદ્ધ થયા હતા.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં નિત્ય નવા ઉત્સવ-પ્રસંગોની રંગત જામતી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો પ્રાકટ્યોત્સવ, સમર્પણસભા, યુવા-શિબિર, ઝોળીપર્વ, સુરત ગ્રામ્ય દિન, બાળ દિન, વિદ્યામંદિર દિન, શ્રીરામ મંદિર પ્રતિષ્ઠા સભા, કાર્યકર સુવર્ણ મહોત્સવ ઉદ્‌ઘોષ સભા, નિર્માણાધીન અક્ષરધામનો પ્રથમ સ્તંભરોપણ સમારોહ, નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ વગેરે ઉત્સવ-પ્રસંગોમાં સ્વામીશ્રીએ અનહદ કૃપાલાભ આપ્યો હતો. વિવિધ કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી સત્સંગ સભાઓમાં બાળકો-યુવકો-કિશોરો-કાર્યકરોએ ભક્તિભર્યા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરીને ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સભાના અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ અર્પી કૃતાર્થ કર્યા હતા.

અહીં, સ્વામીશ્રીએ આપેલા એ દિવ્ય સત્સંગલાભના આપણે પણ સાક્ષી બની ધન્ય થઈએ...

### ■ કણાદ (સુરત)ની ધરા પર સ્વામીશ્રીનું પદાર્પણ

તા. ૧૫-૧૨-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નડિયાદ ખાતે નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કરીને હવાઈ માર્ગે સુરતના કણાદ ખાતે પધાર્યા હતા. સ્વામીશ્રીને વધાવવા માટે ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. યુવકોએ શંખનાદ અને બૅન્ડના નાદોથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. દક્ષિણ ગુજરાતના સંતો-હરિભક્તો વતી ઉત્તમપ્રકાશદાસ સ્વામી અને મુનિવંદનદાસ સ્વામીએ હાર અર્પણ કરીને આશીર્વાદ લીધા. ગમનપથ પર બેઠેલા દર્શનાતુર હરિભક્તોએ જયજયકારોથી ગુરુહરિને વધાવ્યા. સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી અહીં નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામના પરિસરમાં રચાયેલા પ્રાર્થના મંદિરે પધાર્યા ત્યારે પણ સૌએ પ્રેમપૂર્વક સ્વામીશ્રીને સત્કાર્યા. પ્રાર્થના મંદિરમાં ભાવપૂર્વક ઠાકોરજીનાં દર્શન કરીને તથા તમામની ભક્તિ સ્વીકારતાં સ્વામીશ્રી ઉતારે પધાર્યા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે અને તેઓના સુસ્વાસ્થ્ય માટે ૭૦૦ જેટલા હરિભક્તોએ વિવિધ તપ-વ્રત કર્યાં હતાં. સુરતમાં નિયત દિવસોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સત્સંગ સભાઓ નૂતન ‘મહંત સ્વામી સભાગૃહ’માં યોજાઈ હતી.

### ■ સ્વાગત સભા

તા. ૧૭-૧૨-૨૦૨૩ના રોજ સુરતના આંગણે સ્વામીશ્રીને સત્કારતી સ્વાગત-સભા યોજાઈ હતી. ‘અક્ષરબ્રહ્મ અક્ષરધામના આંગણે...’ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ સભામાં સ્વામીશ્રીના સ્તુતિ-શ્લોકની પ્રત્યેક પંક્તિમાં નિર્દેશિત સ્વામીશ્રીનો મહિમા સંતપ્રવચન અને વીડિયોની જુગલબંધી દ્વારા રજૂ થયો. પ્રેરક ભક્તિભર્યા કાર્યક્રમોની વચ્ચે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું ષોડશોપચારથી પૂજન કરવામાં આવ્યું. સંગીતજ્ઞ સંતો-બાળ-યુવાવૃંદે મહાપૂજાના મંત્રો ગુંજાવ્યા તેની સાથે સંતોએ તે તે ઉપચાર વડે ઇષ્ટદેવ અને ગુરુદેવને પૂજન કરીને વધાવ્યા. સાથે સાથે તેને અનુરૂપ પ્રસંગો અને પ્રાર્થનાઓ પણ પ્રસ્તુત થઈ. સંતોએ વિધ વિધ કલાત્મક હાર અર્પણ કરીને વંદના કરી. બાળ-યુવાવૃંદે *‘આનંદ આનંદ છાયો રે, ઉત્સવ આંગણ આવ્યો રે...’* કીર્તન પર ભક્તિનૃત્ય દ્વારા આનંદ વ્યક્ત કર્યો.

સૌ સંતો-હરિભક્તો વતી મુનિવંદનદાસ સ્વામીશ્રીએ સુરત અક્ષરધામ માટે સ્વામીશ્રીએ આપેલાં માર્ગદર્શન, આશીર્વાદ, પ્રેરણા અને તેઓએ કરેલા અથાક પુરુષાર્થ બદલ આભાર માન્યો હતો. આ પ્રસંગે સભામાં ઉપસ્થિત મહાનુભાવોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. સંતોએ સ્મૃતિભેટ અર્પણ કરી. સત્કારવિધિ બાદ રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ અને સુરતના મેયરશ્રી દક્ષેશભાઈએ શબ્દસુમનથી સ્વામીશ્રીને સુરતના આંગણે સત્કાર્યા.

અંતમાં સ્વામીશ્રીએ સૌ પર આશીર્વર્ષા કરી હતી.

### ■ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૨મો જન્મજયંતી ઉત્સવ

તા. ૨૦-૧૨-૨૦૨૩ના રોજ તિથિ મુજબ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૨મો પ્રાકટ્ય દિન હતો. સુરત તેમજ દક્ષિણ ગુજરાતના હજારો હરિભક્તો ગુરુહરિનો

પ્રાકટ્યોત્સવ ઊજવવા ઊમટ્યા હતા. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાથી જ ઉત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. પૂજાનો મંચ પણ પ્રમુખસ્વામી મહારાજના જન્મદિનને વધાવતાં વિધ વિધ પ્રતીકોથી હર્યોભર્યો હતો. પૂજા દરમ્યાન સંગીતજ્ઞ સંતો-યુવકોએ કીર્તનોમાં પ્રમુખસ્વામી મહારાજના ગુણાનુવાદ ગાયા.

જન્મોત્સવની મુખ્ય સભા સાયંકાળે યોજાઈ હતી. 'પ્રમુખસ્વામી સુખકારી' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભાનો પ્રારંભ સંગીતજ્ઞ સંતો-યુવકોએ ધૂન-પ્રાર્થના-કીર્તનગાનથી કરાવ્યો. ત્યારબાદ વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોમાં પ્રમુખસ્વામી મહારાજનો અપરંપાર મહિમા ગવાયો હતો. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ 'આદર્શ ગુરુના આદર્શ શિષ્ય કેવી રીતે બની શકાય?' તે વિષયક પ્રેરણાવચનો કહ્યાં હતાં.

ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય ગુણો અને અજોડ કાર્યોને અંજલિ અર્પતો ભક્તિ-પ્રવાહ વહ્યો. પ્રમુખસ્વામી મહારાજે સુરત પર કરેલા ઉપકારોનું સ્મરણ કરીને તેઓનો આભાર માનવામાં આવ્યો. આ તમામ પ્રસ્તુતિઓના અંતે પ્રમુખસ્વામી મહારાજના વીડિયો આશીર્વાદ રજૂ થયા. ઉપરોક્ત વિષયને સુસંગત ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ પ્રસંગોચિત પ્રકાશ પાથર્યો. પ્રભુચરણદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજની સુરત સાથે જોડાયેલી સ્મૃતિઓનું કથન કર્યું હતું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આ ઋણનો સ્વીકાર કરતાં બાળ-યુવકમંડળે *'ઋણ તમારું અનંત છે, અમ મસ્તક ધરીએ...'* કીર્તન પર નૃત્યાંજલિ પ્રસ્તુત કરી. નૃત્યાંજલિ બાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સેવામય, ભક્તિમય અને ગુરુમય જીવનને અંજલિ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજ સેવામય હતા - એકથી એક અધિક સેવા તેઓએ કરી છે. તેઓ ભક્તિમય હતાઃ અક્ષરપુરુષોત્તમ મહારાજની નિષ્ઠા તેઓએ પ્રવર્તાવી છે. અને તેઓ ગુરુમય હતાઃ યોગીજી મહારાજ માટે ઘણું બધું માથે લઈ લીધું છે.

સ્વામીબાપાએ નાના-મોટા દરેકને રાજી કર્યા છે. તે માટે તેઓએ જે ભીડો વેઠ્યો તે આપણે નજરે જોયો છે. તેનો હેતુ એક જ હતો કે બધાને રાજી કરવા છે! આ બહુ મોટી વાત છે. તેઓ ખૂબ મહાન હતા, પણ આપણા જેવા થઈને આપણી સાથે હળીમળી ગયા. સ્વામીબાપાએ આખી દુનિયામાં વિચરણ કર્યું, પણ સાધુતા મુખ્ય રાખીને કાર્ય કર્યું. એ એમની શોભા જ હતી. આવા સ્વામીબાપાની જન્મજયંતી રોજ ઊજવીએ તોય તેઓના ગુણનો પાર ન આવે. તેઓનો મહિમા તેઓનું જીવનચરિત્ર વાંચવાથી સમજાશે. તેઓનું જીવનચરિત્ર દરેકને માર્ગદર્શન અને સુખશાંતિ આપે એવું છે, માટે જીવનચરિત્ર રોજ વાંચતાં રહેવું, તો તેઓના ગુણો આપણામાં પણ આવશે. તેઓના ગુણો આપણે ધારણ કરીએ તો આપણામાંય શાંતિ રહેશે.'' સ્વામીશ્રીએ આશીર્વચનમાં ગુરુહરિનાં શ્રીચરણોમાં ભક્તિભરી ભાવાંજલિ સમર્પિત કરી. સભામાં ઉપસ્થિત મહાનુભાવો અને સુરત અક્ષરધામના નિર્માણકાર્યમાં વિશેષ સેવા-સહયોગ આપનાર ભક્તો-ભાવિકોને હારતોરા વડે સન્માનવામાં આવ્યા. આ સૌ પર સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરી.

હવે, જન્મોત્સવની સભાનું અંતિમ સોપાન આરંભાયું. હજારો હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પી. ત્યારબાદ સમૂહ આરતી વડે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બંને ગુરુવર્યોનાં ચરણોમાં ભક્તિઅંજલિ અર્પી. સુરતના ગગનમાંથી ટમટમતા તારલાઓ અક્ષરધામની ભૂમિ પર ઊતરી આવ્યા હોય તેવો દિવ્ય નજારો સર્જાયો હતો! સૌએ આ અલૌકિક નજારાને માણતાં, અંતરમાં દિવ્યાનંદ અને પરમ ધન્યતા અનુભવતાં વિદાય લીધી હતી.

## ■ સમર્પણગાથા સભા

તા. ૨૪-૧૨-૨૦૨૩ના રોજ 'એક નિશાન - સુરત અક્ષરધામ' મધ્યવર્તી વિચાર સાથે વિશિષ્ટ સભા યોજાઈ હતી. કણાદ, સુરત ખાતે નિર્માણાધીન અક્ષરધામ મહામંદિરમાં નિઃસ્વાર્થભાવે સેવા-સહયોગ આપનાર હરિભક્તોની સેવાભાવનાને વધાવતી આજની સભાનો શુભારંભ થયો ધૂન-પ્રાર્થનાગાનથી. ત્યારબાદ અક્ષરધામ નિર્માણની પ્રગતિ વીડિયો દ્વારા દર્શાવવામાં આવી. 'ભગવાનને અર્થે શું ન થાય?' વિષયક પ્રવચન અધ્યાત્મચિંતનદાસ સ્વામીએ કર્યું. 'આવો, સાથે મળી અક્ષરધામ બનાવીએ' વિષયક મુનિવંદનદાસ સ્વામીએ પ્રવચન કર્યું હતું.

ત્યારબાદ અક્ષરધામ નિર્માણમાં વિશિષ્ટ યોગદાન આપનાર હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું. સ્વામીશ્રીએ સૌ પર રાજીપાભરી દૃષ્ટિ કરી. ત્યારબાદ આ મહામંદિરના નિર્માણમાં સમર્પિત હરિભક્તોની 'સમર્પણ ગાથા' યુવકોએ રજૂ કરી, જેમાં હરિભક્તોની સાથે બાળકોએ

પણ કેવા કેવા સંજોગોમાં અને મનગમતું મૂકીને અદ્‌ભુત સેવા-સમર્પણ કર્યું તેની સુંદર પ્રસંગોચિત ગાથા રજૂ થઈ. પ્રત્યેક સમર્પણના પ્રસંગ પછી સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક તેઓ પર આશીર્વાદની અમીવર્ષા કરી.

સુરત અક્ષરધામના કાર્યને વેગ આપવા સ્વામીશ્રીએ લખેલા એક પત્રનું અંતિમ વાક્ય હતું, 'હવે તો એક નિશાન - સુરત અક્ષરધામ!' સ્વામીશ્રીના આ વાક્યને શિરોધાર્ય કરતાં સભામાં ઉપસ્થિત ભક્તોએ શક્ય એટલી વધુ સેવા કરવાનો શુભ સંકલ્પ કર્યો હતો.

અક્ષરધામ મહામંદિરના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: ''બધાએ બળિયા સંકલ્પ કર્યા છે. હવે તો એક નિશાન - સુરત અક્ષરધામ!

શ્રીજીમહારાજે લોયાના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે: 'જેને મહિમા સહિત નિશ્ચય હોય તેનાથી ભગવાન અને સંતના અર્થે શું ન થાય?' એનું જીવન જ બદલાઈ ગયું, લૌકિકમાંથી અલૌકિક થઈ ગયું. શ્રીજીમહારાજના વખતથી આવો મહિમા જોવા મળે છે. તેથી નાનાં-મોટાં બાઈ-ભાઈ બધાં સમર્પણ કરતાં આવ્યાં છે. સૌએ ગજા બહારની સેવા કરેલી છે.

ભગવાન અને સંતને આપવાથી આ લોક અને પરલોક બેયનું સુધરે છે. યોગીજી મહારાજ કહેતા: 'આ દેના બૅન્ક છે, લેના બૅન્ક નથી.' એકગણું આપે તો અનંતગણું પાછું મળે! ધૂળ પણ એક દાણાના હજાર દાણા પાછા આપે છે, તો ભગવાન અને સંત કેમ ન આપે? પ્રમુખસ્વામી મહારાજે પણ કહ્યું હતું: 'એકગણું દાન ને અનંતગણું પુણ્ય!' અનંતગણું! હજારગણું નહીં. આ અનુભવ આપણને બધાને છે. એટલે અહીં મન મૂકી બધા સેવા કરી રહ્યા છે.

આ અક્ષરધામની સેવા મહારાજ અને સ્વામી કદી ભૂલશે નહીં, તેનું અનંતગણું ફળ આપશે. આ સેવાથી અંતરમાં પણ અવશ્ય શાંતિ રહેશે તથા તન-મન-ધનથી પણ સુખી થવાશે.''

## ■ યુવા શિબિર

સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૩૦-૧૨-૨૦૨૩થી સુરત શહેર અને ગ્રામ્યનાં ૩૨૦૦ જેટલાં યુવક-યુવતીઓની દ્વિ-દિવસીય શિબિર 'છતી દેહે અક્ષરધામ' મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ હતી. સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને શિબિરનો શુભારંભ કર્યો.

શિબિરાર્થીઓને પ્રાપ્તિનો મહિમા દૃઢવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રાપ્તિ એટલે - શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન મળ્યા, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરમૂર્તિ મળ્યા, એ બે પ્રાપ્તિ. અનાદિની જોડ... આપણને જબરજસ્ત પ્રાપ્તિ થઈ છે. આ પ્રાપ્તિ સમજાય તો બ્રહ્મરૂપ એકાંતિક થઈ જવાય.

પ્રાપ્તિ સર્વસ્વ છે. પ્રાપ્તિનો વિચાર કર્યા જ કરીએ તો બીજી કોઈ વસ્તુની મણા રહે નહીં. પ્રાપ્તિનો વિચાર યથાર્થ રીતે કરવો જોઈએ તો એકેય સ્વભાવ દોષ રહે નહીં અને અખંડ સુખ-શાંતિ રહે.''

સ્વામીશ્રીના સાંનિધ્યમાં યુવકોએ આ શિબિરનો લાભ પ્રાપ્ત કરીને 'પ્રાપ્તિ'નો મહિમા જીવનમાં દૃઢ કર્યો હતો.

## ■ વ્યારા મંદિર શિલાપૂજનવિધિ

તા. ૨-૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં દક્ષિણ ગુજરાતના સત્સંગ કેન્દ્ર વ્યારામાં નિર્માણ પામનાર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસવિધિ યોજાયો હતો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને સંતોએ કરેલા પૂર્વ પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજની અમીદૃષ્ટિ સાથે વૈદિક મંત્રોચ્ચાર પૂર્વક શિલાઓનું પૂજન કર્યું હતું. સાથે નિધિકુંભ, યંત્ર તથા ભૂમિના દેવતાઓનું પણ પૂજન કર્યું હતું. પૂજન બાદ સ્વામીશ્રીએ તમામની આરતી





ઉતારી. વળી, વ્યારામાં રચાનાર પ્રેમવતી અને રસોડાના બાંધકામની ઈષ્ટિકાઓનું પણ સ્વામીશ્રીએ પૂજન કર્યું હતું.

● તા. ૪-૧-૨૦૨૪ના રોજ, કણાદ ખાતે નિર્માણાધીન અક્ષરધામના પરિસરમાં રચાનાર વિશાળતમ 'મહંત સ્વામી સભાગૃહ'નું ખાતમુહૂર્ત થયું હતું. વિવેકસાગરદાસ સ્વામી અને ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ તે નિમિત્તે મહાપૂજાવિધિ કર્યો હતો.

● તા. ૯-૧-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ ૧૫૦૦ જેટલાં શિશુઓ-બાળકોને વર્તમાન ધરાવી, આશ્રય દીક્ષામંત્ર આપીને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યાં હતાં. સ્વામીશ્રીએ કહ્યુંઃ 'બધા બાળકો મોટા થશે, સારા થશે, ગુણિયલ થશે અને ભગવાનનું ભજન કરશે.'

### ■ ઉત્તરાયણ - પુણ્ય પર્વ

તા. ૧૪-૧-૨૦૨૪, પુણ્યવંતા ઉત્તરાયણના શુભ દિને સુરતના આંગણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભક્તિભાવપૂર્વક ઝોળીદાનનું પુણ્યપર્વ ઊજવ્યું હતું. આ પર્વનો લાભ લેવા વહેલી સવારથી જ આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાંથી ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. પૂજાદર્શન બાદ આજના પ્રસંગને અનુરૂપ સ્વામીશ્રીએ બ્રહ્મવિદ્યાનો પાઠ આપ્યોઃ 'પ્રગટને દાન = મોક્ષનું વરદાન!'

દાનનાં મહિમા-વચનો બાદ સ્વામીશ્રીએ બંને ખભે ઝોળી ધારણ કરીને *'સ્વામિનારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો!'* આહ્‌લેક લગાવી સૌને વિશિષ્ટ સ્મૃતિ આપી હતી.

ઝોળી-ઉત્સવની મુખ્ય સભા સાયંકાળે ખુલ્લા સભાગૃહમાં ખુલ્લા આકાશ તળે યોજાઈ હતી. આ વિશિષ્ટ સભાનો લાભ લેવા માટે ઊમટેલા ૪૨,૦૦૦ જેટલા હરિભક્તોથી સભાસ્થળ ખીચોખીચ ભરાઈ ચૂક્યું હતું. દૂર-દૂર બેઠેલા હરિભક્તો ઉત્સવ-સભાના કાર્યક્રમોનો સારી રીતે લાભ લઈ શકે તે માટે એલઈડી સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉત્સવને અનુરૂપ સુંદર મંચ સજાવ્યો હતો. સંગીતજ્ઞ સંતો-યુવકોએ પ્રાસંગિક કીર્તનોનું ગાન કરીને સભાનો શુભારંભ કરાવ્યો. પ્રારંભમાં પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્યનો લાભ આપ્યો હતો.

યુવકો દ્વારા ગગન ગજાવતાં બૅન્ડવાદનના તાલે સ્વામીશ્રીએ સભામાં પ્રવેશ કર્યો ત્યારે સૌએ જયજયકારોથી ગુરુહરિને સત્કાર્યા. સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી મંચ પર પધાર્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યું. આરતી બાદ સ્વામીશ્રીએ ઝોળીદાનનો મહિમા કહ્યોઃ ''આજે ઝોળીપર્વનો દિવસ છે. ઝોળી માંગવાની આપણી આ પરંપરા શ્રીજીમહારાજના વખતથી ચાલી આવે છે. શ્રીજીમહારાજે પણ લોજ ગામમાં ઝોળી માગી છે અને પરમહંસો પાસે પણ મંગાવી છે... શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે તો મંદિરો જ ઝોળી માગીને કર્યાં છે. પ્રમુખસ્વામી મહારાજે પણ ઘણે ઠેકાણે ઝોળી માગી છે... સ્વામીબાપા કહેતાઃ 'ભગવાન લે છે કણ પણ આપે છે ટન!' આ તો આપીને લેવાની વાત છે. જેણે જેણે આપ્યું છે એને કાંઈ ખોટ આવી નથી.

આવો મહિમા સમજી સૌ હરિભક્તો યથાશક્તિ દાન-ધર્માદો કરતા જ રહે છે, તેથી મંદિરોનો વ્યવહાર ચાલે છે. આજે પણ જે દાન કરશે તેનું અનંતગણું ફળ મળશે. મહારાજ-સ્વામી સૌના દેશકાળ સારા રાખે અને બધા તન, મન, ધનથી સુખિયા થાય એ પ્રાર્થના.'' સૌએ આનંદસભર હર્ષોલ્લાસથી સ્વામીશ્રીના આશીર્વાદ વધાવ્યા.

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ બંને ખભે ઝોળી ધારણ કરીને બુલંદ સ્વરે આહ્‌લેક ગુંજાવીઃ *'સ્વામિનારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો!'* સંતો-હરિભક્તોએ આહ્‌લેક પ્રતિધ્વનિત કરી. મુનિવંદનદાસ સ્વામીએ ઉદ્‌બોધનમાં સેવા-સમર્પણના પ્રસંગો કહ્યા.

ત્યારબાદ સૌને સમીપદર્શન આપવા સ્વામીશ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સભાજનોની મધ્યે પધાર્યા. ગૉલ્ફકાર્ટ દ્વારા સ્વામીશ્રીએ ભક્તોના પ્રત્યેક ગાળામાં પધારીને સૌને સમીપદર્શનનું સુખ આપ્યું. હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન પામી ધન્યતા અનુભવતાં પોતાના સેવા-સંકલ્પ મનોમન અર્પણ કરતા હતા. વાતાવરણમાં આનંદ ઉત્સવનાં કીર્તનો ગુંજી રહ્યાં હતાં.

આજની સભા નવીન ભૂમિ પર હોવાથી સ્વામીશ્રીને ઘણી અગવડ પડી, છતાં તેઓએ લાભની અનહદ વર્ષા કરી હતી. સ્વામીશ્રી જે વૃંદને દર્શન આપીને પસાર થાય પછી તરત તે વૃંદ મધ્યે સ્વામીશ્રી વતી સંતો ઝોળી લઈને ફરતા હતા. સૌ હરિભક્તોએ શિસ્તબદ્ધ રીતે આ અતિ દુર્લભ ક્ષણોને માણતા, ભગવાનની ઝોળી ભરી દીધી હતી.

સતત ૧ કલાક અને ૧૧ મિનિટ સુધી સ્વામીશ્રીએ ઘણી તકલીફો ખમીને સૌને સમીપદર્શનથી તૃપ્ત કર્યા હતા.




● તા. ૩૦-૧-૨૦૨૪ના રોજ દર્શનાર્થે પધારેલાં નવપરિણીત યુગલો તથા આવતા વર્ષે લગ્નગ્રંથિથી જોડાનારાં યુગલોને સ્વામીશ્રીએ શુભાશિષ પાઠવ્યા અને નિયમિત ઘરસભા કરવા જણાવ્યું. સાથે સાથે સ્વામીશ્રીના હસ્તે ગૃહસ્થજીવનનાં સોનેરી સૂત્રો લિખિત આશીર્વાદ-પત્ર પણ યુગલોને અપાયા હતા. વિશેષમાં સ્વામીશ્રીએ દર અઠવાડિયે એકવાર આ પત્ર ઘરસભામાં વાંચવા જણાવ્યું.

● તા. ૨-૨-૨૦૨૪ના રોજ, આ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા આપી રહેલા છાત્રો દર્શનાર્થે આવ્યા હતા. આ તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સારામાં સારા ગુણાંક સાથે ઉત્તીર્ણ થાય અને જીવનમાં ખૂબ પ્રગતિ કરે તેવા આશિષ સ્વામીશ્રીએ પાઠવ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને ભેટ અપાનાર બોલપેન સ્વામીશ્રીએ પ્રાસાદિક કરી હતી.

## ■ વિદ્યામંદિર દિન

તા. ૩-૨-૨૦૨૪ના રોજ, સુરત ખાતે સંસ્કારયુક્ત શિક્ષણ આપી રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ‘વિદ્યામંદિર દિન’ ઊજવ્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી સભામાં વિદ્યાર્થીઓએ ‘એજ્યુકેશન ઓફ હાર્ટ’ વિષય અંતર્ગત વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કરીને સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી. પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીનું સુંદર માર્ગદર્શન મેળવ્યું હતું. સુરતમાં આવું શ્રેષ્ઠ વિદ્યામંદિર આપ્યું અને હવે અક્ષરધામની ભૂમિ પર પણ નૂતન વિદ્યામંદિરની ભેટ આપવા બદલ વિદ્યાર્થીઓ, વાલીઓ, સંચાલકો, હરિભક્તો અને સંતોએ સ્વામીશ્રીનો આભાર માન્યો હતો.

અંતમાં સ્વામીશ્રીએ છાત્રોને અભ્યાસ અને જીવનલક્ષી પ્રેરણા આપતાં કહ્યું: ‘‘તમે બધા આ વિદ્યામંદિરમાં આવ્યા છો તો સંસ્કાર પ્રાપ્ત થશે અને સંસ્કાર તમને બધા અવગુણોથી રહિત કરશે અને તમે ચારિત્ર્યવાન થશો.

બધા ખૂબ સારી રીતે ભણજો. ભણવા માટે આવ્યા છો તો એમાં ખામી ન રાખતા. સારા ગુણો શીખજો. સારી સોબત રાખજો. સારા થવા પર તાન રાખજો કે ‘મારે સારા થવું છે’ તો સારા થવાશે. અને સેવાભક્તિ સહેજે આવશે. બધે સંસ્કારયુક્ત શિક્ષણની બોલબાલા રહેશે જ. તે તમે બધા પ્રાપ્ત કરશો ને ખૂબ આગળ આવશો. કારણ કે શિક્ષણ અને સંસ્કાર બેનો સમન્વય થશે એટલે બીજા બધા ઘણા ગુણો પણ આવશે.’’


## ■ વિદાય સભા - સ્મૃતિ સભા

તા. ૪-૨-૨૦૨૪નો દિન સ્વામીશ્રીના સુરત ખાતેના રોકાણનો અંતિમ દિન હતો. તેથી સ્વામીશ્રીએ સુરતમાં આપેલા દિવ્ય આધ્યાત્મિક લાભનું સ્મરણ કરતી આજની સ્મૃતિ સભા હતી.

સ્વામીશ્રીએ સુરત ખાતે ૫૩ દિવસના રોકાણમાં આપેલાં ચારેય સુખ - ‘દર્શન, પ્રસાદી, વાતું અને મળવું’ની વિવિધ માધ્યમોથી સ્મૃતિ કરવામાં આવી હતી. જેમાં, સુરત ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ

એક લાખથી વધુ હરિભક્તોને સમીપદર્શન આપ્યાં! ૨૫ વખત પૂજાદર્શન અને ૨૩ વિશિષ્ટ સભાઓનો લાભ આપ્યો! સભાઓમાં ૪૮ વખત આશીર્વચનો ઉચ્ચાર્યાં! ૧૫૦૦ બાળકોને વર્તમાન ધરાવ્યા! ૬ મંદિરોનાં ખાતપૂજન અને ૩૦ મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠા કરી! સભાગૃહનું ખાતમુહૂર્ત કર્યું! નિર્માણાધીન અક્ષરધામના પ્રથમ સ્તંભનું રોપણ કર્યું! નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ કર્યો! વગેરે પ્રસંગોમાં દિવ્ય લાભ આપવા બદલ બાળકો, યુવકો, હરિભક્તો, મહિલા ભક્તો વતી પુરુષ પ્રતિનિધિઓ અને સંતોએ સ્વામીશ્રીના અપાર ઉપકારો સ્મરી આભાર માન્યો. સાથે પ્રાર્થનાઓ અને શુભ સંકલ્પો પણ કર્યા.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યાઃ ''બસ, ઘણું ઘણું બધું કહેવાઈ ગયું છે અને બધાએ પ્રેમથી, અંતરના ભાવથી બધી પ્રાર્થનાઓ કરી છે. શ્રીજીમહારાજ આપણા બધાની પ્રાર્થનાઓ સ્વીકારે છે.



બસ, આવી રીતે બધા બળમાં અને કેફમાં રહેજો. અને અક્ષરધામ પૂરું થાય એ બાજુ ધસજો; તમે કરો જ છો; સમય પ્રમાણે કાર્ય થાય, પણ બધા મંડી પડ્યા છો એટલે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બધા ખૂબ રાજી છે.'' આશીર્વચનની સમાપ્તિ બાદ સ્વામીશ્રી સંગે સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતીનો લાભ લીધો.

રોબિન્સવિલ અક્ષરધામનું ઉદ્‌ઘાટન કરી, સુરત અક્ષરધામના નિર્માણકાર્યને વેગ આપી સ્વામીશ્રી હવે ઐતિહાસિક અબુધાબીમાં રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિરની પ્રતિષ્ઠા કરવા જઈ રહ્યા હતા. તેથી સમગ્ર સુરત સત્સંગ વતી, સુરત મંદિરમાં સેવા આપતા સંતોએ સુંદરતમ હાર પહેરાવી સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું હતું.

સોનાની મૂરત સમા સુરત નગરમાં બ્રહ્માનંદ રેલાવી, સંતો-હરિભક્તોને સત્સંગ-ભક્તિમાં તરબોળ કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૫-૨-૨૦૨૪ના રોજ આરબ ભૂમિ અબુધાબી પ્રતિ પ્રયાણ કર્યું હતું. અબુધાબી ખાતે ૨૩-૨-૨૦૨૪ સુધી રોકાઈને સ્વામીશ્રીએ નૂતન બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવે દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. ◆







### સુરતમાં કણાદ ખાતે નિર્માણાધીન

# અક્ષરધામ મહામંદિરનો

## પ્રથમ સ્તંભ સ્થાપન સમારોહ

## નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસવિધિ...

ભગવાન સ્વામિનારાયણ અને તેમના પરમહંસો-ભક્તોની પદરજથી પાવન થયેલી ભૂમિ એટલે સુરત. દક્ષિણ ગુજરાતની આ પવિત્ર ભૂમિ પર ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અવારનવાર પધારીને આજ્ઞા અને વૈદિક ઉપાસનાનું સિંચન કર્યું છે. તેના પરિણામે અહીંના ભક્તો સેવા-સમર્પણમાં સદાય સવાયા રહ્યા છે. સૌની ભક્તિને પોષણ આપવા માટે પ્રમુખસ્વામી મહારાજે ડિસેમ્બર ૧૯૯૬માં સુરતના અડાજણ વિસ્તારમાં તાપી તટે ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર પ્રતિષ્ઠિત કર્યું. ત્યારપછી સુરત તેમજ આજુબાજુના પંથકમાં સત્સંગનો વ્યાપ દિન-પ્રતિદિન વિસ્તરતો રહ્યો. કથાવાર્તા, સેવા અને ભજન-ભક્તિથી બાળકો-કિશોરો-યુવકો તેમજ વડીલોને સર્વાંગી સત્સંગની પુષ્ટિ મળતી રહી. અહીં ઊજવાતા નાના-મોટા ઉત્સવ-પ્રસંગોનો લાભ લેવા ઊમટતા હજારો હરિભક્તોથી આ મંદિર પણ નાનું પડવા લાગ્યું, તેથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરતમાં નૂતન મંદિર રચવાનો સંકલ્પ કર્યો. આ સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે સુરતના ઉપનગર કણાદમાં ભૂમિ

સંપાદિત કરવામાં આવી. આ ભૂમિ પર તા. ૭-૫-૨૦૧૯ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કલાત્મક સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરનો વેદોક્ત વિધિપૂર્વક શિલાન્યાસ કર્યો હતો. શિલાન્યાસ બાદ મંદિરનું નિર્માણકાર્ય વેગવંતુ બન્યું. સંતો-ભક્તોના સહિયારા પુરુષાર્થથી પ્લીન્થ સુધીનું કાર્ય પૂર્ણ થતાં તેની ઉપર પ્રથમ સ્તંભ સ્થાપનનો અવસર આવી પહોંચ્યો.

તા. ૨૬-૧-૨૦૨૪, પ્રજાસત્તાક દિને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં કલામંડિત અક્ષરધામ મહામંદિરના પ્રથમ સ્તંભ સ્થાપનનો મંગલ અવસર યોજાયો હતો. આ પ્રસંગને વધાવવા સુરત તેમજ દક્ષિણ ગુજરાતનાં બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા.

નિર્માણાધીન અક્ષરધામના અગ્નિ ખૂણામાં 'પ્રથમ સ્તંભ સ્થાપનવિધિ' આરંભાયો. સૌ પ્રથમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ મહાપૂજાવિધિ કર્યો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં ઘનશ્યામચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી અને હર્ષદભાઈ ચાવડાએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં.

સ્વામીશ્રી નિયત સમયે સ્થાપનવિધિ માટે પધાર્યા. ક્રેન દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સ્વામીશ્રી જ્યાં સ્તંભ સ્થાપિત થવાનો હતો તે અક્ષરધામના પહેલા માળે પધાર્યા. અહીં નાનો સરસ ઉપમંચ રચવામાં આવ્યો હતો. મંચ પર લાલ વસ્ત્રથી આવૃત્ત સ્તંભનું બરાબર ૧૧:૧૦ વાગ્યે સ્વામીશ્રીએ નાડાછડી છોડીને અનાવરણ કર્યું.

સ્તંભ પૂજનવિધિ અંતર્ગત સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. શ્રીજીસ્વરૂપદાસ સ્વામી અને નિખિલેશદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. ત્યારબાદ અનાવૃત્ત થયેલા સ્તંભનું સ્વામીશ્રીએ પૂજન આરંભ્યું. સૌ પ્રથમ કુંભી (સ્તંભના નીચેના ભાગ) પર પુષ્પથી જળ છાંટી પૂજન કર્યું; ઠાકોરજીનું પ્રાસાદિક પંચામૃત વરસાવ્યું. પછી સુવર્ણરસિત લેલાથી કુંભી પર સિમેન્ટનું મિશ્રણ પધરાવ્યું. સદ્‌ગુરુ સંતો, વડીલ સંતો તેમજ મંદિર નિર્માણમાં સેવા આપી રહેલા હર્ષદભાઈ ચાવડા, અશ્વિનભાઈ એન્જિનિયર, પ્રશાંતભાઈ આર્કિટેક્ટ વગેરેએ મિશ્રણ પધરાવ્યું.

બરાબર ૧૧:૨૪ વાગ્યે, અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિ અને સ્વામીશ્રીના દિવ્ય સ્પર્શ સાથે સુરત અક્ષરધામનો પ્રથમ સંગેમરમર સ્તંભ



સ્થાપિત થયો! તે સાથે જ બુલંદ જયઘોષો ગુંજી ઊઠ્યા. સ્વામીશ્રીએ વિધિમંત્રો સાથે સ્તંભનું ચંદન, અક્ષત અને પુષ્પ વડે પૂજન કર્યું. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વિવિધ શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી. ધૂન બાદ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ સ્તંભની આરતી ઉતારી. આરતી બાદ સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્તંભને મંત્રપુષ્પાંજલિ અર્પી.

આ અક્ષરધામની ડિઝાઇનની સેવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહેલા શ્રીજીસ્વરૂપદાસ સ્વામીએ 'સુરત અક્ષરધામ માટે સ્વામીશ્રીની લગની અને લાગણી' વિષયક પ્રકાશ પાથર્યો.

આ પ્રોજેક્ટમાં જોડાયેલા મુખ્ય સંતો, પ્રમુખસ્વામી મહારાજના સેવક-સંતો અને અન્ય વડીલ સંતો તથા કોઠારી સંતોએ વિવિધ હાર પહેરાવી ગુરુહરિને વધાવ્યા. સાથે આ પ્રોજેક્ટમાં તન-મનથી સમર્પિત હર્ષદભાઈ ચાવડા, વિનોદભાઈ પટેલ, પ્રશાંતભાઈ દેસાઈ, ભૂપતભાઈ વિઠાણી, વેદપ્રકાશજી(રાજસ્થાન) વગેરે ભક્તો-ભાવિકોનું સન્માન કરાવામાં આવ્યું. તેવી જ રીતે રાજસ્થાનમાં રહીને ઠંડી-ગરમી સહન કરીને આ કાર્ય પૂરવેગે આગળ વધારી રહેલા અન્ય ભક્તો-ભાવિકોને સન્માનવામાં આવ્યા. જે કારીગરો અત્યારે અહીં સેવા આપી રહ્યા છે અને ટૂંક સમયમાં રાજસ્થાનમાં જે સેવાકાર્યમાં જોડાવાના છે, તેમનો પણ આભાર માનવામાં આવ્યો. સ્વામીશ્રીના અંતરના આશિષ સૌ પર વરસ્યા.

આ દિવ્ય અક્ષરધામના નિર્માણનો




હેતુ જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ‘‘અક્ષરધામ એ શ્રીજીમહારાજનું દિવ્ય ઘર છે. જેમ માણસ ઘરમાં રહે તેમ શ્રીજીમહારાજ અક્ષરધામમાં રહે છે. એટલે અહીં જે અક્ષરધામ બની રહ્યું છે, તેમાં પણ શ્રીજીમહારાજ અખંડ વિરાજમાન રહેશે! આવા અક્ષરધામના પહેલા સ્તંભનું આજે પૂજન અને સ્થાપન થયું છે અને બીજા સ્તંભ પણ ઊભા થતા જશે અને જોતજોતાંમાં અક્ષરધામ તૈયાર થઈ જશે.

આ અક્ષરધામ તૈયાર કરવામાં મુખ્ય ત્રણ વાત જોઈશે. તેમાં પહેલી વાત ‘સંપ’ની છે. જ્યાં સંપ હોય ત્યાં ભગવાનની શક્તિ પ્રગટે. માટે આપણે આ કામ સંપ, સુહૃદભાવ અને એકતા રાખી કરવાનું છે. અક્ષરધામ તૈયાર કરવામાં બીજી જરૂર ‘સંપત્તિ’ની પડશે. માટે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ કે તેઓ બધાના દેશકાળ સારા રાખે. જેથી હરિભક્તોને સેવા કરવાની અનુકૂળતા રહે. અક્ષરધામ તૈયાર કરવામાં ત્રીજી વાત ‘સંપર્ક’ની છે. આપણા યોગમાં જે કોઈ આવે તે સૌને આ અક્ષરધામની સેવામાં જોડવા, કારણ કે આ અક્ષરધામની સેવા કરશે તેને પ્રમુખસ્વામી મહારાજ સર્વ પ્રકારે સુખિયા કરશે.

આ અક્ષરધામ આપણે ભક્તિભાવથી કરીએ છીએ દેખાવ માટે નહીં, શો માટે નહીં. બીજો કોઈ હેતુ નહીં – ભક્તિભાવથી. આમાં આપણી મોટપ વધારવાનો હેતુ નથી.

આ કામમાં કોઈ વિઘ્ન ન આવે અને બધું કામ સારી રીતે, સમયસર પૂરું થાય તે માટે શ્રીજીમહારાજને પ્રાર્થના.’’ સૌએ તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીનાં વચનો અને ભાવનાઓને વધાવ્યાં.

આજે ભારતનો ૭૫મો પ્રજાસત્તાક દિન હતો. રાષ્ટ્રીય તહેવારના આ પાવન પ્રસંગે સ્વામીશ્રી અને તમામ સંતો-ભક્તોએ આ દિવ્ય અક્ષરધામના સ્થાન પર ત્રિરંગો લહેરાવી રાષ્ટ્રભક્તિ અદા કરી હતી.

### ■ શિલાન્યાસવિધિ :

નિર્માણાધીન વિશાળ અક્ષરધામ પરિસરમાં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામવા જઈ રહ્યું છે ત્યારે પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૫-૧-૨૦૨૪, ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષાતિથિના મંગલ દિને મંદિરનો શિલાન્યાસવિધિ યોજાયો હતો.


સ્વામીશ્રી શિલાન્યાસ માટે પધાર્યા તે પૂર્વે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને અન્ય વડીલ સંતોએ મહાપૂજાવિધિ સંપન્ન કર્યો હતો. શિખરબદ્ધ મંદિર રચાવાનું છે તેના વિશાળ ગર્તમાં, મધ્યખંડની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થવાની છે તે સ્થાન પર શિલાપૂજન માટે સ્વામીશ્રી આસનસ્થ થયા. પ્રથમ ખંડના



શિલાપૂજન માટે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તેમજ ઘનશ્યામ મહારાજના ખંડના શિલાપૂજન માટે પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી ઉપસ્થિત હતા.

શ્રીજીમહારાજના જન્મ નક્ષત્રમાં સ્વામીશ્રીએ વિધિ આરંભ્યો. મધુરવદનદાસ સ્વામી અને શ્રુતિપ્રકાશદાસ સ્વામી વિધિ કરાવી રહ્યા હતા. વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ નિધિકુંભમાં નાગ, કુર્મ, વરાહ આદિ ભૂમિના દેવતાઓ પધરાવ્યા. બહુમૂલ્ય ધાતુઓ, દેશ-પરદેશનાં પવિત્ર તીર્થોની મૃત્તિકા અને જળ, અન્ય રત્નો અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પ પધરાવ્યાં. સાથે સ્વામીશ્રીએ નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની નીચે પધરાવવામાં આવનાર નિધિકુંભમાં પણ રત્નો, પ્રાસાદિક માટી, પ્રમુખસ્વામી મહારાજનાં અસ્થિપુષ્પ વગેરે પધરાવ્યાં.

ત્યારબાદ સ્વામીશ્રીએ શિલા-પૂજનનો વિધિ આરંભ્યો. પ્રથમ આરસની શિલાઓ પર પ્રાસાદિક અક્ષત વરસાવી હસ્ત સ્પર્શાવ્યા. પંચામૃત અને શુદ્ધોદકથી અભિષેક



કર્યો. ત્યારપછી લાલ વસ્ત્રથી મઢવામાં આવેલી શિલા પર અબીર, ગુલાલ આદિક સૌભાગ્ય દ્રવ્યો પધરાવ્યાં, નૈવેદ્ય અર્પ્યું. બાંધકામમાં વપરાનાર ઓજારોનું પૂજન પણ કર્યું.

ત્યારબાદ તેઓએ ગર્તનું પૂજન આરંભ્યું. રંગોળીથી સુશોભિત વર્તુળાકાર ગર્તમાં વિધિ અનુસાર સ્વામીશ્રીએ પંચામૃત, નાડાછડી, સૌભાગ્ય દ્રવ્યો, નૈવેદ્ય, પ્રાસાદિક માટી અને પ્રાસાદિક સુવર્ણનું યંત્ર ગર્તમાં પધરાવ્યું. ત્યારપછી સ્વામીશ્રીએ દોરી વડે બંધાયેલા નિધિકુંભને ગર્તના મધ્યમાં સ્થાપિત કર્યો ત્યારે બુલંદ જયઘોષ ગુંજી ઊઠ્યો. પછી સ્વામીશ્રીએ નિધિકુંભ પર સુવર્ણરંગી લેલા વડે સિમેન્ટનું મિશ્રણ પધરાવ્યું. સંતોએ વિશેષ મિશ્રણ ગર્તમાં પૂરી તેને સમતલ કર્યું. અક્ષરપુરુષોત્તમ મહારાજની કૃપાદૃષ્ટિ સાથે સ્વામીશ્રી દ્વારા પ્રાસાદિક થયેલી શિલા ગર્ત પર સ્થાપિત કરવામાં આવી ત્યારે પણ

ગગનભેદી જયનાદો ગુંજી ઊઠ્યા!

આ પ્રસંગે શુભ સંકલ્પોની પરિપૂર્ણતા માટે સૌએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી. ધૂન બાદ ઢોલ, નગારાં, બૅન્ડ અને શંખનાદ સાથે ઠાકોરજીની આરતી ઉતારી. આરતી બાદ સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં અને શિલા પર મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી.

અહીંથી જ્યાં નીલકંઠવર્ણી પધરાવવાના છે તે સ્થાને રચાયેલા ગર્ત પાસે સ્વામીશ્રી પધાર્યા. અહીં પણ ઉપરોક્ત રીતે વિધિ કરીને ગર્તમાં નિધિકુંભ પ્રસ્થાપિત કર્યો.

પૂજનનો તમામ વિધિ સંપૂર્ણ કરીને સ્વામીશ્રી અહીં રચવામાં આવેલા સુંદર ઉપમંચ પર વિરાજ્યા. સદ્‌ગુરુ સંતોએ હાર પહેરાવીને પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીને સત્કાર્યા. અક્ષરધામ અને આ મંદિરના બાંધકામમાં પ્રવૃત્ત સંતો-નિખિલેશદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, ઉત્તમપ્રકાશદાસ સ્વામી, મુનિવંદનદાસ સ્વામી વગેરેએ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું.

આ અવસરે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું: 'રોબિન્સવિલ જેવું જ ભવ્ય અક્ષરધામ



અહીં થશે. મહંત સ્વામી મહારાજનો ખૂબ ખૂબ આભાર માનીએ કે અહીં અક્ષરધામ અને આ મંદિરની દિવ્ય પ્રસાદી, દિવ્ય ભેટ આપણને આપી રહ્યા છે.' બાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ આજથી બી.એ.પી.એસ. સંસ્થામાં 'સુરત અક્ષરધામ મહોત્સવની...જય' બોલવાની જાહેરાત કરીને ત્રણવાર આ 'જય' ઝિલાવી.

ગુરુહરિ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું: ''અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં, તે મુજબ આજે અહીં સુરતમાં નવા શિખરબદ્ધ મંદિરનો આરંભ કર્યો છે. આ મંદિર અક્ષરદેરી પર જેવું મંદિર છે તેવું ભવ્ય અને કલાત્મક થશે. આ મંદિર દ્વારા સૌમાં ઉપાસના દૃઢ થશે અને સમાજની પણ સેવા થશે. અક્ષરની સેવા થશે એટલે એમાં બધું આવી ગયું - અનંતકોટિ બ્રહ્માંડ આવી ગયાં! આ મંદિરથી નાના-મોટા સૌને સારા સંસ્કાર મળશે.

આ મંદિર અને અક્ષરધામનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી નિર્વિઘ્ને પૂર્ણ થશે. એમની કૃપા વિના કાંઈ થાય એમ નથી... જે કોઈએ આ કાર્યમાં સેવા કરી છે અને કરશે તે બધાને મહારાજ-સ્વામી અનેકગણું આપશે - ભક્તિરૂપે, ઉપાસનારૂપે, આજ્ઞારૂપે... બધા તન-મન-ધન અને ભક્તિથી સુખિયા થાય અને બધા સંપીને, સારી રીતે આ કાર્ય પૂર્ણ કરે એ જ પ્રાર્થના છે.''

આ અવસરે બી.એ.પી.એસ.નાં વિવિધ મંદિરોમાંથી પધારેલા ૩૦૦ જેટલા સંતોએ અને હજારો હરિભક્તોએ પૂજનવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સ્વામીશ્રીએ પ્રેમથી હાથ જોડીને સૌને જય સ્વામિનારાયણ કરીને આશીર્વાદ આપ્યા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત)

◆








## બી.એ.પી.એસ.નાં વિવિધ મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

સુરતમાં કણાદ ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બી.એ.પી.એસ.નાં વિવિધ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કરીને હજારો હરિભક્તો-ભાવિકો માટે સત્સંગ-ભક્તિનાં દ્વાર ખોલ્યાં હતાં. પ્રતિષ્ઠાના પાવન અવસરે પધારેલા હરિભક્તોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. સ્વામીશ્રીના હસ્તે પ્રતિષ્ઠિત થયેલાં બી.એ.પી.એસ. મંદિરોની નામાવલી અત્રે પ્રસ્તુત છે. આ પૂર્વે બોચાસણ અને ગોંડલ ખાતે બિરાજેલા સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત કરેલાં મંદિરોની સૂચિ પણ અહીં સાંકળવામાં આવી છે.

આ ઉપરાંત સુરત, બોચાસણ અને ગોંડલ ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ જુદાં જુદાં ક્ષેત્રોમાં રચાનારાં કુલ ૩૨ મંદિરોનાં ખાતપૂજન માટે ઇષ્ટિકા-પૂજન પણ કર્યું હતું.

પ્રતિષ્ઠાના પાવન અવસરે પધારેલા હરિભક્તોને આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું હતું: 'જેણે જેણે આ મંદિરોમાં સેવા કરી છે એ બધા તને, મને, ધને સુખી થાય. અને ભક્તિમાં, સેવામાં, સત્સંગ કરવામાં ખૂબ આગળ વધે એ પ્રાર્થના.' સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ પામી સૌ હરિભક્તો ધન્ય થયા હતા.

■ **મૂર્તિપ્રતિષ્ઠા (ગોંડલ):** મેસર (પાલનપુર), મણિયારી (પાટણ), પીપોદરા (પોશીના), જામનગરના અંબર ચારરસ્તા અને વિભાપર-ગુલાબનગર; ગોંડલના મોહનપાર્ક, ભોજરાજપરા, ગીતાનગર; નાની વાવડી (ગઢડા).

■ **મૂર્તિપ્રતિષ્ઠા (બોચાસણ):** મહેસાણાના પારસા, ગોઝારિયા, નારદીપુર, વડસ્મા; સરદારનગર (વડોદરા); બોચાસણના ખડોલ, હળદરી, ભેટાસી, લાલપુરા, સંતોકપુરા; બદલપુર ક્ષેત્રના ધુવારણ, વાલવોડ, દહેવણ, આંબેખડા, સ્વામીપુરા, બારવીઘા, તોલવડ અને સંગદેવ; આમેર (જયપુર-રાજસ્થાન).

■ **મૂર્તિપ્રતિષ્ઠા (સુરત):** તીથલ ક્ષેત્રના સુરખાઈ, કાંપરિયા, બરવાડી, કેળવણી; દુર્વેશ (મનોર વિસ્તાર, મુંબઈ); સેલવાસના કચીગામ, કરવડ, કાજલી; સુરતના વેલુક, વેડ ગામ; વડોદરાના માલકીનપુરા, ડબકા, બંટી ફળિયા; અકોલા (નાગપુર), રંગાઈપુરા (મહેળાવ), બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર-રંભાસ; સાંકરી વિસ્તારના બેહડા-રાયપુરા, અમલસાડી, સરભોણ, કેળકૂઈ, કડોદ, વલવાડા; રોલા (ધરાસણા), ચિમલા વિસ્તારના બરવાળા-નવાનગર (ઓલ ઇન વન મૂર્તિ), ધરમપુર વિસ્તારના શેરીમાળ (ઘનશ્યામ મહારાજ-ચિત્રપ્રતિમા), ચીખલી વિસ્તારના દેગામ (ઓલ ઇન વન મૂર્તિ), નવસારીના મગોબભાઠા, કાછિયાવાડી; નવા પુર (ઉકાઈ), ઢોલાર (ડભોઈ)... ◆




# સમર્પણ, સેવા, તપ અને સંપના પાયા પર પ્રતિષ્ઠિત થયાં વધુ ચાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો

### જરગલી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં ચરણરજથી પાવન થયેલી ગીર ગઢડાની હરિયાળી ભૂમિમાં વસેલા જરગલી ગામમાં સન ૧૯૮૪થી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં ભક્તિતનયદાસ સ્વામી અને સંતોએ આ વિસ્તારમાં ખૂબ વિચરણ કરીને અનેક ગામોમાં સત્સંગનાં અજવાળાં પ્રસરાવ્યાં હતાં. તે અરસામાં જરગલીમાં અ.નિ. ભિખાભાઈ કેશુરના ઘરે સત્સંગસભા યોજાતી હતી. સંતોના સતત વિચરણ દરમ્યાન થતી પધરામણીઓ અને કથાવાર્તાથી ધીમે ધીમે સત્સંગ મંડળની કરવટ બદલાઈ. પરિણામે અનેક પરિવારોમાં સત્સંગ પ્રત્યે સદ્‌ભાવના જાગ્રત થતાં ગામમાં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. ગીર ગઢડાના વતની સંનિષ્ઠ હરિભક્ત શ્રી જયસુખભાઈ સતિકુંવરના સહયોગથી જરગલીમાં ભૂમિ સંપાદિત થઈ. તે ભૂમિ પર તા. ૨૩-૧-૨૦૧૯ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મંદિરનું ખાતમુહૂર્ત થયું અને નિર્માણકાર્યની શરૂઆત થઈ. જરગલીના દેવશીભાઈ ભીમાણી તથા જયસુખભાઈ સતીકુંવર આદિ ઉત્સાહી હરિભક્તોના સેવા-સહકારથી જોતજોતાંમાં મંદિર સાકાર થયું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૨૫-૧૧-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૮૦ યજમાન દંપતીએ યજ્ઞવિધિમાં લાભ પ્રાપ્ત કર્યો હતો. અપરાહ્‌ને સમગ્ર ગામજનોની ઉપસ્થિતિમાં સુશોભિત રથોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા ગામની શેરીઓમાં જયનાદ અને કીર્તનોની રમઝટ વચ્ચે યોજાઈ હતી.

તા. ૭-૧૧-૨૦૧૯ના રોજ રાજકોટ મુકામે ગુરુહરિ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ જરગલી મંદિરમાં તા. ૨૬-૧૧-૨૦૨૩ના રોજ સવારે પૂજ્ય અક્ષરચરણ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ પ્રેરણાબોધમાં મંદિરનાં

અનેક અદ્‌ભુત હૃદયસ્પર્શી પાસાં વર્ણવ્યાં.

અહીં વિચરણ કરતા અખંડમંગલદાસ સ્વામી, સરલમૂર્તિદાસ સ્વામી, દીનબંધુદાસ સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન મુજબ ઉના ક્ષેત્ર-૧ અને ૨ના સ્વયંસેવકો તથા સ્થાનિક હરિભક્તોના સાથ-સહકારથી આ ઉત્સવ ખૂબ જ ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો.

## ઇટાદરા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ઇટાદરામાં યોજાયેલા પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવમાં હરિભક્તો તેમજ મૂર્તિસ્થાપનવિધિમાં રત પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી...

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ઈટાદરા ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨-૨-૨૦૨૪ના રોજ યોજાઈ ગયો.

ઈટાદરામાં સત્સંગની શરૂઆત સન ૧૯૯૦થી થઈ હતી, પરંતુ ગાંધીનગરમાં અક્ષરધામનું નિર્માણ થયા બાદ ઈટાદરામાં સંતોનું નિયમિત વિચરણ યોજાવા લાગ્યું. પાંચ વર્ષ બાદ ગામમાં અઠવાડિક સત્સંગસભાની શરૂઆત થઈ. સંતો અને કાર્યકરોએ સત્સંગ કાર્યને ખૂબ બળ-પ્રેરણા આપીને વેગ આપ્યો, જેથી ભાવિક જનતા વિશેષ સત્સંગાભિમુખ બની. ગામમાં સત્સંગની અભિવૃદ્ધિ કરવા માટે સતત કાર્યશીલ અને ઉત્સાહી હરિભક્ત શ્રી કાંતિભાઈ દેવચંદભાઈ પટેલે પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરી. તે ઉપરાંત મંદિરના નિર્માણકાર્યમાં પણ આ પરિવારનો તેમજ હરગોવિંદભાઈ શર્માનો વિશેષ સેવા-સહયોગ સાંપડ્યો. પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને વિશ્વવિહારીદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩૧-૧-૨૦૨૪ના રોજ ઢળતી બપોરે કલાત્મક રથોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓની શોભાયાત્રા ગામની ભાવિકજનતાની ઉપસ્થિતિમાં યોજાઈ. દ્વિતીય દિને સવારે ૨૫૦ યજમાન ભક્તોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૧૧-૧૨-૨૦૨૩ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ જરગલીમાં તા. ૨-૨-૨૦૨૪ના રોજની માંગલિક સવારે પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. પ્રાસંગિક સમારોહમાં મંચસ્થ સંતોએ આશીર્વચન પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

આ ક્ષેત્રમાં વિચરણ કરતા હરિતિલકદાસ સ્વામી અને ગાંધીનગરના સંતો-સ્વયંસેવકોના સહકારથી ઉત્સવ ખૂબ ભવ્યતાથી સંપન્ન થયો. આ મંદિરના નિર્માણથી ઈટાદરા ગામની સૃષ્ટિમાં વધુ એક શોભાકલગી ઉમેરાઈ હતી.

## વાઘોડિયા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી વડોદરા જિલ્લાના તાલુકા મથક વાઘોડિયા શહેરમાં ત્રિશિખરીય નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૪-૨-૨૦૨૪ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

આમ તો અહીં સત્સંગની શરૂઆત સન ૧૯૪૬ના અરસામાં થઈ હતી. તે વખતે મોહનભાઈ ગોરધનભાઈ પંચાલ, ચંદુભાઈ મનસુખભાઈ પંચાલ, ધનાભાઈ ભઈજીભાઈ પટેલ આદિ હરિભક્તોના આગ્રહથી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વાઘોડિયામાં પધારીને નાનકડા મંદિરમાં મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી હતી. ત્યારબાદ આ શહેરમાં સતત સાત દાયકા સુધી ગુણાતીત ગુરુવર્યોએ વખતોવખત અહીં

પધારીને મમતાના મેઘ વરસાવીને સત્સંગમંડળને આધ્યાત્મિક પોષણ આપ્યું છે. સન ૧૯૭૧માં આ પ્રાસાદિક મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજે નવી પટપ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી હતી. વરિષ્ઠ સંતોએ અનેક વખત પધારીને અહીંના ગતિમાન સત્સંગને સવિશેષ ખૂબ પુષ્ટિ આપી. સત્સંગ અને વિકાસની દૃષ્ટિએ સતત અભિવૃદ્ધિ પામતા આ શહેરમાં વર્ષોથી બાલ-બાલિકામંડળ, યુવક-યુવતીમંડળ, શાનદાર નગરયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર યોજાઈ, જેમાં ૭થી વધારે કલાત્મક રથમાં વિરાજમાન મૂર્તિઓએ ભાવિક જનતા ઉપર દિવ્ય દૃષ્ટિ કરતાં શહેરીજનોમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. સૌએ ઠેર ઠેર શોભાયાત્રાને વધાવીને આનંદની લાગણી અનુભવી. શોભાયાત્રા વીરમી ત્યારે મંદિર ઉપર શાનદાર લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજાયો, તે પ્રસ્તુતિએ સૌ કોઈના દિલ અને દિમાગ પર





વાઘોડિયામાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરના પ્રતિષ્ઠાવિધિમાં રત પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી અને યજ્ઞમાં રત ભક્તસમુદાય...

મહિલામંડળ અને સંયુક્તમંડળો દ્વારા વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સત્સંગ ધોધ વિશેષ ને વિશેષ વહી રહ્યો છે. તે સૌની ભક્તિને વિશેષ પુષ્ટિ આપવા માટે એક જરૂરિયાત ઊભી થઈ એક સુવિધાસજ્જ મંદિરની.

નૂતન મંદિર માટે શ્રી બળદેવભાઈ વલ્લભભાઈ પટેલ અને પ્રવીણભાઈ બબુભાઈ પટેલે પોતાની ૨.૫ એકર ભૂમિ મંદિર માટે અર્પણ કરી અને મંદિરનિર્માણની પૂરવેગે શરૂઆત થઈ. આબાલવૃદ્ધ હરિભક્તોએ આ મંદિરના પાયાથી શિખર સુધીના સર્જનમાં સેવાઓમાં તન, મન અને ધનથી સહયોગ આપ્યો. સૌના ભક્તિસભર પુરુષાર્થથી જોતજોતાંમાં વાઘોડિયા શહેરમાં ૧૫૦ ફૂટ લાંબું, ૧૦૦ ફૂટ પહોળું અને ૬૮ ફૂટ ઊંચું ત્રિશિખરીય મંદિર રચાઈ ગયું. મંદિરનું નિર્માણકાર્ય અને પ્રતિષ્ઠા ઉત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે વાઘોડિયાના હરિભક્તોએ વિવિધ વ્રત-તપ-રૂપી નિયમોનું પાલન કરીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩-૨-૨૦૨૪ના રોજ સુશોભિત યજ્ઞશાળામાં સવારે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ સમક્ષ યોજાયેલા યજ્ઞમાં ૨૨૦૦ યજમાન યુગલોએ વેદોક્ત યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ અપરાહ્ને અજોડ અને અમીટ છાપ અંકિત કરી દીધી.

તા. ૪-૨-૨૦૨૪ની માંગલિક સવારે મૂર્તિપ્રતિષ્ઠાની મહાપૂજાનો પ્રારંભ થયો. ત્યારબાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે અટલાદરામાં તા. ૨૭-૧૨-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી, રાજેશ્વરદાસ સ્વામી, દેવસ્વરૂપદાસ સ્વામી, ભક્તવત્સલદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારપછી યોજાયેલી પ્રાસંગિક સભામાં મંચસ્થ સંતોએ પ્રેરણાબોધ આપ્યો. હરિભક્તોએ અનેરા ભક્તિભાવથી વાઘોડિયાના આંગણે પધારેલા સંતોને હારતોરાથી બહુમાન કર્યું હતું. સંતોએ પણ સેવાનિષ્ઠ હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

અહીં વિચરણ કરતા યજ્ઞદર્શનદાસ સ્વામી તથા શુભચરિતદાસ સ્વામીના પુરુષાર્થથી તેમજ સ્વયંસેવકોની અજોડ સેવાથી મંદિરનિર્માણ અને પ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. વાઘોડિયાના શહેરી-જનોએ આવા નજરાણાં સમાન અને અધ્યાત્મની સાથે સાથે જીવનલક્ષી મૂલ્યો સિંચતું મંદિરની ભેટ આપવા બદલ પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં આભાર-વંદના કરી હતી. ◆

# ઑસ્ટ્રેલિયાના આલ્બરી શહેરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ઑસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સ રાજ્યમાં વહેતી મુરે નદીના ઉત્તર કિનારે સ્થિત આલ્બરી શહેરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો છે. આ નયનરમ્ય શહેરમાં રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૦-૧-૨૦૨૪ના રોજ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી એશિયા-પેસેફિક દેશોમાં વસતા ભારતીય ભક્તો-ભાવિકોમાં ભારતીય સનાતન સંસ્કૃતિ પ્રત્યેની અસ્મિતા જળવાય અને વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાયાના સિદ્ધાંતો દૃઢ થાય તે માટે અનેકવિધ પ્રાંતોમાં સંતો વર્ષોથી અવિરત વિચરણ કરી રહ્યા છે. સંતોના આ ભક્તિસભર પુરુષાર્થને લીધે આલ્બરીમાં પણ સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો છે. આ સત્સંગને વિશેષ પોષણ આપવા માટે અહીં મંદિરની જરૂરિયાત ઊભી થઈ. સૌ હરિભક્તોના ભક્તિમય પુરુષાર્થથી આલ્બરીમાં રચાયેલા નૂતન મંદિરમાં મૂર્તિસ્થાપન ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

આ ઉત્સવનો શુભારંભ તા. ૧૯-૧-૨૦૨૪ના રોજ નોરેઉલ પાર્કમાં યોજાયેલી શાનદાર શોભાયાત્રાથી થયો. સંતોએ અહીં વસતા જુદા જુદા ભારતીય સમાજના અગ્રણીઓ, વેપારીઓ, ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં શોભાયાત્રાનો પ્રસ્થાનવિધિ યોજાયો. વિવિધ આકર્ષણોથી યુક્ત આ શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં ભારતીયો પારંપરિક પરિવેશમાં સજ્જ બનીને સામેલ થયા. કલાત્મક મયૂરરથમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અન્ય કલાત્મક રથોમાં વિરાજમાન દેવસ્વરૂપોના રથોનું હરિભક્તોએ વહન કરીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. જયજયકારોથી ગુંજતી અને ભક્તિસભર નૃત્યોની રંગત જમાવતી આ યાત્રા સૌ માટે અણમોલ સંભારણું બની રહી હતી. સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતો અને યુવકોએ કીર્તન આરાધના રજૂ કરી હતી.

તા. ૨૦મી જાન્યુઆરીના રોજ વિવિધ હિન્દુ સમાજના સભ્યો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો. ત્યારબાદ ગોંડલમાં તા. ૩૦-૧૦-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પરમચિંતનદાસ અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ સૌને પ્રેરણાબોધ આપ્યો હતો.

આમ, ઑસ્ટ્રેલિયાની ધરતી પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું એક વધુ સુંદર મંદિર સ્થપાઈ ગયું જે સનાતન ધર્મનાં અજવાળાં પ્રસરાવતું રહેશે. ◆

# બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા ૧૪૦૦૦ કરતાં વધુ સત્સંગ-કાર્યકરોની યોજાઈ કાર્યકર શિબિર



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સત્સંગપ્રવૃત્તિ તથા યુવાપ્રવૃત્તિના મુખ્ય કાર્યકરો પોતાના સેવાકાર્યને વધુ વેગવંતું તથા ચોક્સાઈપૂર્ણ બનાવી શકે, તે માટે સત્સંગ-પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા પ્રતિવર્ષે નિયમિત રીતે કાર્યકર તાલીમ શિબિરો યોજવામાં આવે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી યોજાઈ રહેલી આ શિબિરોમાં આધ્યાત્મિક સદ્ગુણોના સિંચન સાથે સત્સંગ-પ્રવૃત્તિઓની વિશેષ છણાવટ અને તાલીમ આપવામાં આવે છે.

આ વર્ષે જુદાં જુદાં સ્થળોએ તા. ૮-૧૨-૨૦૨૩ થી ૯-૧-૨૦૨૪ દરમ્યાન કુલ ૨૫ કાર્યકર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યકર શિબિરનો કેન્દ્રવર્તી વિચાર હતો, 'ગુણાતીતનું માનસચિત્ર'.

પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ શિબિર માટે આદર્શ કાર્યકરનાં છ ચિત્રો દોરીને આપ્યાં હતાં. ગુણાતીતનાં આ માનસચિત્રના આધારે જ સમગ્ર શિબિર દરમ્યાન વિવિધ સત્રો યોજાયાં હતાં. સ્વામીશ્રીએ આ છ ચિત્રો દ્વારા આદર્શ કાર્યકરની એક અદ્ભુત વિભાવના આપી હતી, જેમાં આધ્યાત્મિક સાધનાનો સારાંશ સમાઈ જતો હતો.

આ જુદા જુદા છ વિષયો પર પ્રેરક સંબોધનો આપીને આ શિબિરોમાં વિદ્વાન સંતોએ સૌમાં આદર્શ કાર્યકર થવાની પ્રેરણા જગાવી હતી. આ ઉપરાંત પ્રેરક સંવાદો, વિવિધ રજૂઆતો તથા સ્વામીશ્રીના વીડિયો આશીર્વાદ દ્વારા ઉપરોક્ત પ્રત્યેક સત્રની વિશદ છણાવટ કરવામાં આવી હતી. આ ઉપરાંત વર્તમાન સમયને અનુલક્ષી સોશિયલ મીડિયા વિવેક તથા કથાવાર્તા વિવેક અંગે પણ સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે બી.એ.પી.એસ. સંસ્થાના કાર્યકરોની વિશાળ સેવા-પ્રવૃત્તિઓને બિરદાવતો કાર્યકર સુવર્ણ મહોત્સવ આ વર્ષે આરંભાયો છે. આ કાર્યકર સુવર્ણ મહોત્સવના ઉપક્રમે યોજાનારા અનેકવિધ કાર્યક્રમો તથા તેનાં આગોતરા આયોજનો અંગે વિગતે સમજૂતી પણ આ શિબિરોમાં આપવામાં આવી હતી.

બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, અમદાવાદ, સાંકરી અને તીથલ બી.એ.પી.એસ. મંદિરમાં યોજાયેલી આ શિબિરોમાં કુલ ૧૪,૭૬૪ જેટલા મુખ્ય પુરુષ-મહિલા કાર્યકરોએ લાભ લીધો અને સૌ ગુણાતીતનાં માનસચિત્ર બની આદર્શ કાર્યકર થવા કટિબદ્ધ થયા હતા. આ શિબિરો દ્વારા પ્રેરણા પામીને કાર્યકરો વધુ ઊર્જા લઈને સેવાપ્રવૃત્તિઓમાં જોડાવા માટે વિદાય થયા હતા. ◆



# બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પ્રાગટ્યતીર્થ મહેળાવ ખાતે શાનદાર રીતે ઊજવાયો મંદિર રજતજયંતી મહોત્સવ

બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના આદ્યસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય તીર્થ મહેળાવ ગામની પાવન ધરા પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૨૨-૧-૧૯૯૮ના રોજ બેનમૂન શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરીને ગુરુવર્યનાં ચરણે વિરલ ભક્તિઅંજલિ અર્પી હતી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે વર્ષો પહેલાં સંકલ્પ કર્યો હતો કે મહેળાવની પુણ્ય ધરતી પર શિખરબદ્ધ મંદિર રચવું છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે બંને ગુરુવર્યોનાં ચરણે અંજલિ આપીને રચેલાં આ શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને જોતજોતાંમાં ૨૫ વર્ષ પૂર્ણ થઈ ગયાં.

આથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં આશીર્વાદથી આ ગુરુમંદિરના રજતજયંતી ઉત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી. છેલ્લા એક વર્ષથી આ મંદિરના રજતજયંતી ઉત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો મહેળાવ અને આસપાસનાં સત્સંગમંડળો દ્વારા પ્રસ્તુત થયા. આ કાર્યક્રમો દ્વારા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય જીવન અને કાર્યને અંજલિ અપાઈ.



તેના અંતિમ ચરણ રૂપે તીર્થધામ મહેળાવ ખાતે તાજેતરમાં દબદબાપૂર્વક રજતજયંતી ઉત્સવ ઉજવાઈ ગયો. મહેળાવની ધરતી પર આ ઉત્સવ માટે ૧૨ એકર ભૂમિમાં વિશાળ 'યજ્ઞપુરુષ નગર' રચવામાં આવ્યું હતું. જેનો વિધિવત્ પ્રારંભ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, અન્ય સંતો તેમજ શ્રી રમણભાઈ સોલંકી(વિધાનસભાના દંડક, ગુજરાત), શ્રી મિતેષભાઈ પટેલ(સાંસદ), શ્રી રાજેશભાઈ પટેલ(પ્રમુખ, જિલ્લા ભાજપ), શ્રી વિપુલભાઈ પટેલ (ધારાસભ્ય, સોજીત્રા), શ્રી કમલેશભાઈ પટેલ(ધારાસભ્ય, પેટલાદ) વગેરે લોકનેતાઓએ કરાવ્યો હતો.

આ યજ્ઞપુરુષ નગરમાં પધારનારા દર્શનાર્થીઓ માટે વિવિધ પ્રદર્શન ખંડો રચવામાં આવ્યા હતા. જેમ કે, શાસ્ત્રીજી મહારાજના જીવન અને કાર્યને વર્ણવતો 'યજ્ઞપુરુષ જીવનદર્શન' પ્રદર્શન ખંડ રચવામાં આવ્યો હતો. શાસ્ત્રીજી મહારાજના અત્યંત લાડીલા અને તેમનું કાર્ય




વિશ્વભરમાં વિસ્તારનારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મહિમાગાથા ગાતો 'સંત પરમ હિતકારી' પ્રદર્શન ખંડ રચવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પારિવારિક મૂલ્યોની પ્રેરણા આપતો 'ઘરસભા' પ્રદર્શન ખંડ, ગૌરવવંતા નાગરિક બનવાની પ્રેરણા આપતો 'હમારા ભારત, મેરા ભારત' પ્રદર્શન ખંડ, વ્યસનમુક્તિની પ્રેરણા આપતો 'મુક્તાનંદ' પ્રદર્શન ખંડ, માતા-પિતાના ઋણનું સ્મરણ કરાવતો 'બુઝો' પ્રદર્શન ખંડ વગેરે પ્રદર્શન ખંડો રચવામાં આવ્યા હતા. સાથે સાથે, બાળકોને સંસ્કારલક્ષી મનોરંજન પમાડતી બાળનગરીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેને નિહાળવા ચરોતર પ્રદેશના કુલ ૧,૨૭,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકો આવી પહોંચ્યા હતા. સૌએ આ નગરની મુલાકાત લઈને જીવનઘડતરના પાઠો આત્મસાત્ કર્યા હતા. આ યજ્ઞપુરુષ નગરના દર્શનાર્થે આવેલ ૧૨૦ શાળાના ૬૦૦ શિક્ષકો અને ૧૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પણ આ નગરમાંથી પ્રેરણાત્મક સંદેશાઓ હૃદયસ્થ કર્યા હતા. પ્રદર્શન ખંડો નિહાળ્યા બાદ નિયમકુટિરમાં અનેક મુલાકાતીઓ પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. ૧૦ દિવસ દરમ્યાન આ નગરમાં યોજાયેલા રક્તદાન-યજ્ઞમાં સેંકડો ભક્તોએ રક્તદાન કર્યું હતું. કુલ ૧૪૫૦થી વધુ આબાલવૃદ્ધ સ્વયંસેવકોએ સેવારત રહીને નગરને ધબકતું રાખ્યું હતું. આ રજતજયંતી ઉત્સવના ઉપક્રમે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સંતોનાં વિદ્વત્તાપૂર્ણ સંબોધનોનો લાભ સૌએ માણ્યો હતો.

તા. ૨૬-૧-૨૦૨૪ના રોજ વિશાળ મહિલા સંમેલન યોજાયું હતું.

તા. ૩૧-૧-૨૦૨૪ના રોજ મંદિરનો ૨૫મો પાટોત્સવ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શાનદાર રીતે યોજાયો હતો. વેદોક્ત વિધિપૂર્વક શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું પૂજન કરીને તેમણે ગુરુહરિનાં ચરણે ભાવપુષ્પાંજલિ અર્પણ કરી હતી. મહેળાવ મંદિરના કોઠારી પૂજ્ય ગુણનિધિદાસ સ્વામી તથા સત્સંગપ્રવૃત્તિનું સંચાલન કરતા સ્થાનિક સંતો, પૂજ્ય શુદ્ધચરિતદાસ સ્વામી અને અગ્રેસર કાર્યકરોના ભક્તિપૂર્ણ ઉત્સાહથી આ ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક તરીકે જ નહીં, પરંતુ વિશ્વને શતાબ્દીઓ સુધી એક આદર્શ જીવનપથ ચીંધતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ભેટ આપનાર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આ પ્રાગટ્યતીર્થમાં આ ઉત્સવ હજારો લોકોના જીવન-પરિવર્તનની પ્રેરણાનો એક વિરલ ઉત્સવ બની રહ્યો. ◆

## સારંગપુરમાં પુષ્પદોલોત્સવ : તા. ૨૫-૩-૨૦૨૪, સાંજે ૫-૦૦ થી ૭-૩૦

ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક રંગોત્સવભૂમિ તીર્થધામ સારંગપુરમાં ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે વર્ષોવર્ષ પુષ્પદોલોત્સવ ઊજવી રંગોત્સવની દિવ્ય સ્મૃતિઓ આપી છે. આ વર્ષે પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં પુષ્પદોલોત્સવે એ જ દિવ્ય રંગવર્ષાનો લાભ મળશે.

આ ઉત્સવનો લાભ લેવા પધારનારા હજારો હરિભક્તોની સુવિધા સારી રીતે સચવાય તે માટે કેટલીક અગત્યની સૂચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

- તા. ૨૫-૩-૨૦૨૪, સોમવારના રોજ પુષ્પદોલોત્સવ **સાંજે ૫:૦૦ થી ૭:૩૦** દરમ્યાન ઊજવાશે. હરિભક્તોને સભામંડપમાં પ્રવેશ બપોરે ૩:૦૦ વાગ્યાથી પ્રાપ્ત થશે.
- તા. ૨૫-૩-૨૦૨૪, સોમવારના રોજ સવારે પૂજા દર્શનનો લાભ પ્રાપ્ત થશે નહીં.
- ઉત્સવના દિવસે બપોરે હરિભક્તો માટે સારંગપુરમાં ભોજન વ્યવસ્થા ૨:૦૦ વાગ્યા સુધી રહેશે. ગઢડા મંદિરે ભોજન વ્યવસ્થા થઈ શકશે નહીં.
- પુષ્પદોલોત્સવમાં ઘણી મોટી સંખ્યામાં હરિભક્તો આવે છે. આથી જેમને ભીડમાં તકલીફ પડે તેવા અતિ વૃદ્ધ અને અશક્ત હરિભક્તો સમૈયા પછી સ્વામીશ્રીનો લાભ લેવા આવે એ ઇચ્છનીય છે.

### ઉતારા અંગે :

- ગુજરાતના હરિભક્તો સમૈયાના દિવસે નીકળી ઉત્સવના સમયે સારંગપુર પહોંચી શકશે. આથી ગુજરાતના કોઈ પણ હરિભક્તની સમૈયાના દિવસે સારંગપુર કે ગઢડામાં ઉતારાની વ્યવસ્થા થઈ શકશે નહીં, તો આ વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.
- ફક્ત પરપ્રાંત અને પરદેશના હરિભક્તોને તા. ૨૪-૩-૨૦૨૪, રવિવારના દિવસે સારંગપુર ઉતારા વિભાગ તરફથી ઉતારો મળશે. આવનાર હરિભક્તો ઉપર જણાવેલા દિવસ કરતાં વહેલાં ન આવે તે ઇચ્છનીય છે.
- નીચે આપેલા ઉતારા રિક્વેસ્ટ ફોર્મ તા. ૧૦-૩-૨૦૨૪ સુધીમાં ભરી સબમીટ કરવાથી આપના રજીસ્ટ્રેશનનો **કન્ફર્મેશન નંબર** તેમજ **કન્ફર્મેશન ઈમેલ** પણ પ્રાપ્ત થશે. આ ઉત્સવમાં મોટી સંખ્યામાં હરિભક્તો પધારનાર હોવાથી ઉતારાની વ્યવસ્થા સારંગપુર, ગઢડા કે આજુબાજુના વિસ્તારોમાં અનુકૂળતા પ્રમાણે કરવામાં આવશે.
- ઉતારાની વ્યવસ્થાને સાચવવા પરદેશ અને પરપ્રાંતથી પધારનાર હરિભક્તો સમૈયામાં ગુજરાતમાં રહેતા પોતાના સ્નેહીજનોને ઉતારા માટે પોતાની સાથે ન લાવે તે ઇચ્છનીય છે.
- ઉત્સવ દરમ્યાન આપનું વાહન આપની સાથે જ રાખવું તે ઇચ્છનીય છે.
- કોઈ કારણસર ઉત્સવમાં આવવાનો કાર્યક્રમ રદ થાય અથવા આવનાર વ્યક્તિઓની સંખ્યામાં ફેરફાર થાય તો પણ સારંગપુર ઉતારા વિભાગને વહેલી તકે અવશ્ય જાણ કરવી.

**ઉતારા અંગે વિશેષ માહિતી માટે સંપર્ક:**
**સારંગપુર મંદિર ઉતારા ઓફિસ**
**ફોન નંબર:** + 91 706 906 5503
Email: utara.mahotsav@in.baps.org ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, નાગપુર — શાળા-છાત્રાલયમાં પ્રવેશ અંગે

નાગપુર (મહારાષ્ટ્ર) શહેરમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા CBSC બોર્ડ (અંગ્રેજી માધ્યમ) આધારિત ચાલી રહેલી સ્કૂલ વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે આધુનિક પદ્ધતિથી શિક્ષણ પણ વર્ષોથી આપી રહી છે. અહીંના નૂતન છાત્રાલયમાં બાળકના બૌદ્ધિક વિકાસની સાથે સાથે તેનું સંસ્કારયુક્ત જીવનઘડતર પણ સુપેરે થાય છે. સાથે સાથે સાત્ત્વિક અને પોષણયુક્ત ભોજન, રહેવાની અને ભણવાની ઉત્તમ વ્યવસ્થા, ઇન્ડોર તથા આઉટડોર પ્લેગ્રાઉન્ડ તેમજ સંતોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓનો આધ્યાત્મિક વિકાસ પણ થાય છે. **ધોરણ ૫ થી ૯માં પ્રવેશ અંગે (ફક્ત બાળકો માટે જ):** નીચે આપેલી લીંક ઓપન કરી એનરોલમેન્ટ ફોર્મ ભરવું જરૂરી છે. Enrollment form Link: http://gg.gg/apcnagpur

સ્કૂલ તથા છાત્રાલયમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે. ઉપરાંત, વિદ્યાર્થી અને માતાપિતાનો ઇન્ટરવ્યૂ લેવામાં આવશે, જેના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. સ્કૂલ તથા છાત્રાલયમાં પ્રવેશ અંગેની વિશેષ માહિતી માટે છાત્રાલય ઓફિસનો સંપર્ક કરવો. (વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે)

**સંપર્ક** : બી.એ.પી.એસ. છાત્રાલય, શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઠોડા રીંગ રોડ, નાગપુર, **ફોન:** + ૯૧ ૯૫૬૧૧ ૧૨૪૯૫ ◆



# તીર્થક્ષેત્ર અયોધ્યા ધામમાં ભગવાન શ્રીરામચંદ્રજીની પ્રતિષ્ઠા વેળાએ

## હજારો બી.એ.પી.એસ. કેન્દ્રોમાં આનંદોત્સવ સાથે થયાં શ્રીરામલલ્લાનાં વધામણાં...

કરોડો હિન્દુઓની પવિત્ર આસ્થાના અનોખા કેન્દ્ર તીર્થક્ષેત્ર અયોધ્યામાં ભગવાન શ્રીરામની જન્મભૂમિ પર ભવ્ય શ્રીરામમંદિરની પ્રાણપ્રતિષ્ઠાનાં આંદોલનો ભારત અને વિશ્વના ખૂણે ખૂણે પ્રસરી રહ્યાં છે. લાખો ભક્તો-સંતો- મહાત્માઓની છેલ્લાં ૫૦૦ વર્ષોની શ્રદ્ધા-ભક્તિ-તપસ્યા અને બલિદાનની ફલશ્રુતિરૂપે રચાયેલા આ મંદિરમાં ભગવાન શ્રીરામની ધામધૂમપૂર્વક પધરામણી થઈ તેનો હરખ કરોડો હિન્દુઓએ માણ્યો છે. દેશ-પરદેશમાં તેનો અનોખો ભક્તિભર્યો માહોલ છવાયો હતો. ભગવાન શ્રીરામના આગમનને વધાવવા અયોધ્યા નગરીએ પણ નવલાં રૂપ-રંગ ધારણ કર્યાં હતાં.



તા. ૨૨-૧-૨૦૨૪ના રોજ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા શ્રી મોહનજી ભાગવત, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગીઆદિત્યનાથ, રામમંદિરતીર્થક્ષેત્ર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત શ્રી નૃત્યગોપાલદાસજી, કોષાધ્યક્ષ સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી, અન્ય ટ્રસ્ટીઓ, સંતો-મહંતો, મહામંડલેશ્વરો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલો આ મહોત્સવ ઐતિહાસિક હતો.

શ્રીરામજન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ વતી વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી આલોકકુમારજી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવાનું હાર્દિક નિમંત્રણ પાઠવવા દિલ્હી અક્ષરધામ ખાતે પધાર્યા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેનો સ્વીકાર કરતાં પોતાના વતી બી.એ.પી.એસ. સંસ્થાના પ્રતિનિધિ સંતોને



આ પ્રાણપ્રતિષ્ઠા સમારોહમાં અયોધ્યા ખાતે મોકલ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આજથી ૩૪ વર્ષ પહેલાં, શ્રીરામ જન્મભૂમિના આ મંદિરના નિર્માણ માટે શ્રીરામશિલાના પૂજનનું રાષ્ટ્રીય આંદોલન આરંભાયું ત્યારે તા. ૧૬ ઑગસ્ટના રોજ, પ્રથમ રામશિલાનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરીને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એ શિલાપૂજનના આંદોલનનો આરંભ કર્યો હતો. દાયકાઓ સુધી શ્રી રામજન્મભૂમિ માટે આસ્થાપૂર્વક પ્રાર્થના અને તેનું માર્ગદર્શન કરી રહેલા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે, શ્રીરામ મંદિરના નિર્માણની પ્રથમ રામશિલાનું પૂજન કર્યું એ દિવસ સન ૧૯૮૯ના રક્ષાબંધનનો દિવસ હતો. યોગાનુયોગ આ જ પવિત્ર રક્ષાબંધન પર્વે, તા. ૩ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ, તેમના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રીરામજન્મ-ભૂમિ પર થનાર મંદિરના પાયામાં સ્થાપિત કરવા માટે શ્રીરામયંત્ર અને રામરક્ષકયંત્રનું સનાતન ધર્મની પ્રાચીન પરંપરા અનુસાર વૈદિક પૂજન કરીને, આ મંદિર વહેલામાં વહેલી તકે સાકાર થાય તેવી શ્રદ્ધા અને પ્રાર્થના વ્યક્ત કરી હતી. તેઓ વતી તેઓની આજ્ઞાથી આ યંત્રો અને અન્ય પૂજિત સામગ્રી સાથે પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી તથા પૂજ્ય અક્ષરવત્સલદાસ સ્વામી તા. ૪ ઑગસ્ટના રોજ અયોધ્યા પહોંચ્યા હતા. અને તેઓએ ભગવાન શ્રીરામનો જ્યાં જન્મ થયો હતો એ જ સ્થળે રચાનાર ભવ્ય મંદિરના ગર્ભગૃહ સ્થળે તા. ૫ ઑગસ્ટના રોજ વેદોક્ત ભૂમિપૂજન વિધિ થયો તેમાં બે રામયંત્રો પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પૂજ્ય મહંત સ્વામી મહારાજની સ્મૃતિ સાથે મુખ્ય ગર્ભગૃહના ગર્તમાં સ્થાપિત કર્યાં હતાં, અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના લાખો ભક્તો-સંતો વતી પુષ્પાંજલિ અર્પણ કરીને ભક્તિભાવ અર્પ્યો હતો.

ત્યારબાદ, કરોડો હિન્દુઓના આસ્થાકેન્દ્ર સમા શ્રીરામ મંદિરના નિર્માણમાં દાનની ધારાઓ વહી હતી. મંદિરના નિર્માણ માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ પણ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી માતબર આર્થિક અનુદાન આપ્યું હતું.

### ■ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેમભક્તિ

સુરત ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના રોમેરોમમાં અયોધ્યામાં થઈ રહેલી શ્રીરામની પ્રતિષ્ઠાનો આનંદ છલકાઈ રહ્યો હતો. સ્વામીશ્રીએ ભગવાન શ્રીરામ પ્રત્યે પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરવા પ્રેમપ્રકાશદાસ સ્વામી, ભદ્રેશદાસ સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી, મુનિવત્સલદાસ સ્વામી, નિર્દોષયોગીદાસ સ્વામી, શુદ્ધસ્વરૂપદાસ સ્વામી, અમૃતસેતુદાસ સ્વામી વગેરે સંતોને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સામેલ થવા માટે અયોધ્યા મોકલ્યા હતા. એટલું જ નહીં, પરંતુ વિશ્વભરમાં છવાયેલા

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અસંખ્ય ભક્તો-ભાવિકોને પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં મન-કર્મ-વચને જોડાવાનું આહ્‌વાન આપ્યું હતું. સ્વામીશ્રીના આદેશ મુજબ બી.એ.પી.એસ. સંસ્થાના મધ્યસ્થ કાર્યલય દ્વારા ઠેર ઠેર આ પ્રતિષ્ઠા મહોત્સવમાં સામેલ થવાનો સંદેશ પહોંચી ગયો હતો. આમ છતાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પણ અંતરના આનંદ સાથે સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થાના વિશ્વભરના હરિભક્તોને સંબોધીને એક પત્ર લખ્યો હતો. તા. ૧૯-૧-૨૦૨૪ના રોજ સ્વહસ્તે લખેલા આ પત્રમાં તેઓએ જણાવ્યું હતું:

***પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ***
***આનંદ આનંદ આનંદ***
***ભગવાન શ્રી રામલલ્લાની દિવ્ય પધરામણીનો***
***દિવ્ય આનંદ આનંદ આનંદ...***

*સર્વે સંતો-હરિભક્તો પ્રતિ,*

*૧૪ વર્ષના વનવાસ પછી ભગવાન શ્રીરામ અયોધ્યા પધાર્યા ત્યારે જેવો આનંદ સૌને થયો હતો, તેવો અપાર આનંદ આજે કરોડો ભક્તો-ભાવિકોને થઈ રહ્યો છે. પોષ મહિનામાં દિવાળીનો આનંદ અને ઉત્સવ આવ્યો છે. કારણ કે દેશ-વિદેશમાં ફેલાયેલા કરોડો ભક્તોના હૃદયમાં બિરાજેલા ભગવાન શ્રીરામ ૫૦૦ વર્ષ પછી પોતાની જન્મભૂમિ પર, તીર્થભૂમિ અયોધ્યામાં ફરીથી ભવ્ય મંદિરમાં બિરાજી રહ્યા છે. સનાતન ધર્મની ધજાઓ ફરીથી આકાશમાં ફરકી રહી છે. ૫૦૦ વર્ષનું કેટલું તપ, કેટલું બલિદાન, કેટલું સમર્પણ, કેટલી ભક્તિ, કેટલી શ્રદ્ધાનું આ પવિત્ર અને ગૌરવવંતુ ફળ છે! તેની સ્મૃતિ કરતાં, અયોધ્યાની શ્રીરામ જન્મભૂમિ પર શ્રીરામ મંદિરના નિર્માણમાં નિમિત્ત બનેલા તે સૌને કરોડો કરોડો સાષ્ટાંગ દંડવત કરીએ તો પણ ઓછું છે.*

*તા. ૨૨મી જાન્યુઆરીએ સનાતન ધર્મના મહાન આચાર્યો, મહામંડલેશ્વરો, સંતશ્રીઓ, મહંતશ્રીઓ અને કરોડો શ્રદ્ધાળુ ભક્તોના આશીર્વાદ લઈને શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રતિષ્ઠા કરશે. આ પ્રસંગે આપ સૌ પણ પોત-પોતાના મંદિરમાં સહભાગી થશો. મારી નાદુરસ્ત તબિયતના કારણે મારા વતી સંસ્થાના વડીલ સંતો પ્રતિષ્ઠામાં જશે. હું સુરતમાં રહ્યો થકો આ વિધિમાં ભક્તિભાવથી જોડાઈશ. આપ સૌ પણ ઘરે દિવાળીની જેમ ભગવાન રામલલ્લાને વધાવશો. બધાના જીવનમાં સુખ-શાંતિનો અનુભવ થશે.*

*ભગવાન શ્રી સ્વામિનારાયણ બાલવયે સાત વર્ષ સુધી અયોધ્યા રહી મંદિરનાં દર્શન કરવા જતાં. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે પણ ઘણીવાર તીર્થયાત્રા કરી છે. આપ સૌ પણ અનુકૂળતાએ એમને યાદ કરી છપૈયા અને અયોધ્યાની તીર્થયાત્રા કરશો.*

*આ મંદિર નિર્માણકાર્યમાં જેમણે જેમણે યોગદાન આપ્યું છે તે તન, મન, ધનથી સુખી થાય અને ભક્તિમાં પ્રગતિ કરે. શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ શ્રી યોગી આદિત્યનાથજી તેમજ નાના-મોટા બધા કારીગરો - આ કાર્યમાં યોગદાન આપ્યું છે તે સર્વેને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.*

*આજના દિવ્ય પ્રસંગે ભગવાનને પ્રાર્થના કરીએ કે ભગવાન શ્રીરામ સૌને આશીર્વાદ આપે, જેથી ભારતમાં અને વિશ્વમાં સુખ-શાંતિ થાય. સમગ્ર વિશ્વમાં સંપ, સુહૃદભાવ, એકતા, દાસભાવ અને દિવ્યભાવનાં મૂલ્યો દૃઢ થાય.*

*જય શ્રી સ્વામિનારાયણ, જય શ્રી રામ*

*સાધુ કેશવજીવનદાસના જય શ્રી સ્વામિનારાયણ.*

## ■ બી.એ.પી.એસ. મંદિરોમાં આનંદભેર ઉજવણી

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આ આદેશનો એક વૈશ્વિક પ્રભાવ સંસ્થાના દરેક કેન્દ્રમાં છવાયો હતો. સંસ્થાના કુલ ૨૧,૦૦૦થી વધુ બાળ-યુવા-મહિલા-સંયુક્ત સત્સંગ-મંડળોના લાખો ભક્તોએ પોતાનાં ઘરોમાં અને ૧૫૦૦થી વધુ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભગવાન શ્રીરામની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરી હતી. દેશ-પરદેશનાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોને રંગબેરંગી વિદ્યુતદીપકોની રોશનીથી શણગારાયાં હતાં. સાથે રામજન્મભૂમિ મંદિરની પ્રતિકૃતિનાં બેનરો, વિશાળ રંગોળીઓ તેમજ રામમંદિરનું શિલાપૂજન કરતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને રામમંદિરના યંત્રનું પૂજન કરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં પોસ્ટર ઠેર ઠેર છવાયાં હતાં. તમામ બી.એ.પી.એસ. મંદિરોના ગર્ભગૃહમાં પણ ત્રણેય ખંડોને શ્રીરામચરિત્રોની છબિઓથી અને રંગબેરંગી શોભાઓથી શણગારીને મધ્યખંડ સમક્ષ શ્રીરામ-સીતાજીની મૂર્તિ પધરાવવામાં આવી હતી. શ્રીરામ પરિવારની મૂર્તિઓની સમક્ષ શાનદાર અન્નકૂટ પણ ધરાવાયો હતો.

તા. ૨૨-૧-૨૦૨૪ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે સુશોભિત પાલખીમાં શ્રીરામપરિવારની મૂર્તિઓ પધરાવીને જયનાદો અને સાથે સંતો-હરિભક્તોએ મંદિર પરિસરમાં પાલખીયાત્રા યોજી હતી. બી.એ.પી.એસ. અને શ્રીરામ મંદિર પ્રતિષ્ઠાના ધ્વજ સાથે પ્રતિષ્ઠાના બેનર અને જયનાદો અને શંખનાદ સાથે મંદિરની પ્રદક્ષિણા કરતી આ પાલખીયાત્રાનાં દર્શન કરીને સૌએ બુલંદ અવાજે 'જય શ્રીરામ... જય શ્રીરામ...'નો જયઘોષ કરીને અનોખી અસ્મિતા હૃદયસ્થ કરી હતી. આ પાલખીયાત્રામાં બહેનોએ પણ રામાયણ, વચનામૃત, શ્રીમદ્‌ભગવતગીતા વગેરે ગ્રંથોની પોથીયાત્રા યોજીને શ્રી રામલલ્લાને વધાવ્યા હતા.

બી.એ.પી.એસ. મંદિર અટલાદરા ખાતે આ ઉત્સવના ઉપક્રમે વેદોક્ત મહાપૂજા થઈ, તેમાં હજારો ભક્તો-ભાવિકો સંમિલિત થયા અને ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ હતી. અસંખ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયેલી પ્રાસંગિક સભાઓમાં સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં ભગવાન શ્રીરામનું મહિમાગાન કર્યું હતું. સ્થાનિક મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહીને હર્ષ વ્યક્ત કર્યો. સભાઓમાં રામ ભગવાનના જીવન વિષયક પ્રેરક સંવાદો અને ભજન-ભક્તિ વગેરે ભક્તિસભર કાર્યક્રમો થયા હતા. ઘણાં સ્થળોએ માનવશૃંખલા રચીને 'શ્રીરામ' શબ્દ અંકિત કરાયો તો ક્યાંય વિશ્વશાંતિ મહાયજ્ઞમાં આહુતિ અર્પીને આ ઉત્સવની વધામણી કરવામાં આવી હતી. કેટલાંક મંદિરોનાં પોડિયમ પરથી સંતો-હરિભક્તોએ 'શ્રીરામ' અંકિત બેનર સાથે ફુગ્ગાઓને જયનાદો સાથે ગગનગામી કરીને અનોખો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. આમ, અનેકવિધ રીતે આ ઉત્સાહને અભિવ્યક્ત કરીને બી.એ.પી.એસ. સંસ્થાના લાખો ભક્તોએ શ્રીરામ જન્મભૂમિ મંદિર, અયોધ્યાના મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં ઉત્સાહપૂર્વક સહભાગી બન્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીરામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વતૈયારીના સોપાનરૂપે ૨૧ માર્ચ, ૨૦૨૩ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી સમગ્ર દેશમાં સાંસ્કૃતિક ચેતના જાગ્રત કરવા માટે સ્વામિનારાયણ અક્ષરધામ, દિલ્હીથી એક ભક્તિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ કાર્યક્રમમાં વિખ્યાત ધર્માચાર્યો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'શતકોટિ હનુમાન ચાલીસા પાઠ'નો શુભારંભ થયો હતો. શ્રીરામ મંદિરની સ્થાપના પહેલાં લાખો-હજારો ભક્તોએ હનુમાન ચાલીસાના પાઠ કરીને શ્રી હનુમાનજી જેવી દાસત્વભક્તિ પ્રભુ શ્રીરામ પ્રત્યે સમર્પિત કરી હતી.

## ■ ઠેર ઠેર પ્રતિષ્ઠા ઉત્સવની ઉજવણી

તા. ૨૨-૧-૨૦૨૪ના રોજ ભારત અને વિશ્વભરનાં તમામ બી.એ.પી.એસ. મંદિરોના સભાગૃહમાં ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૦ વાગે હરિભક્તોએ એકત્રિત થઈને ભગવાન શ્રીરામચંદ્રજીની મૂર્તિપ્રતિષ્ઠાના મંગલ અવસરને દિવ્યતાથી માણ્યો હતો. અયોધ્યાથી જીવંત પ્રસારણ કરવામાં આવેલા કાર્યક્રમનું વિશાળ સ્ક્રીન પર દર્શન કરીને સૌએ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બન્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની મુખ્ય આરતી વેળાએ સૌએ હાથમાં દીપ લઈને આરતી-અર્ઘ્ય અર્પણ કરીને ભગવાન શ્રીરામલલ્લાને વધાવ્યા હતા. સાથે સાથે લાખો હરિભક્તોએ પણ પોતાના ઘરે જીવંત પ્રસારણને નિહાળ્યું હતું. હરિભક્તોએ સવારે અને સાંજે પોતપોતાના ઘરે દિવાળીની જેમ દીપ પ્રગટાવી, રંગોળીઓ પૂરીને આ અવસરે હર્ષ વ્યક્ત કર્યો હતો. આ આનંદ સાથે શ્રીરામ મંદિરમાં પ્રતિષ્ઠાની આરતી વેળાએ મંદિરોના ગર્ભગૃહમાં પણ આરતી થઈ હતી. આરતી બાદ અક્ષત અને પુષ્પો દ્વારા મંત્રપુષ્પાંજલિ દ્વારા ભગવાન શ્રીરામલલ્લાનું પૂજન કરીને હર્ષોલ્લાસ સાથે તેમનો જયજયકાર કર્યો હતો. આ પ્રસંગે સુરત ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિશાળ ભક્તસંખ્યામાં સભા યોજાઈ હતી. સંસ્થા દ્વારા જીવંત પ્રસારિત કરવામાં આવેલી આ પ્રતિષ્ઠા-સભામાં દેશ-વિદેશના સેંકડો હરિભક્તો જોડાયા હતા. ધૂન અને કીર્તનગાન બાદ ઈશ્વરચરણદાસ સ્વામી અને ડૉક્ટર સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રીરામ, શ્રીરામ મંદિર અને અયોધ્યાના મહિમા ગાન સાથે, તે ભૂમિ ભગવાન સ્વામિનારાયણની લીલાભૂમિ છે, તેની સ્મૃતિઓ કરાવી હતી. ભગવાન શ્રીરામના આગમનને વધાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આજે ખૂબ આનંદનો દિવસ છે, કારણ કે કેટલાય સમયથી આપણે જેની રાહ જોઈ રહ્યા હતા એ ભગવાન શ્રીરામલલ્લાની પ્રતિષ્ઠા મહોત્સવનો પરમ પવિત્ર દિવસ આજે ભારતના આંગણે આવી ચૂક્યો છે. ચૌદ વર્ષના વનવાસ પછી ભગવાન શ્રીરામ અયોધ્યા પધાર્યા ત્યારે જેવો આનંદ સૌને હતો તેવો અપાર આનંદ આજે કરોડો ભક્તો-ભાવિકોને થઈ રહ્યો છે. ૫૦૦ વર્ષ પછી શ્રીરામ પોતાની જન્મભૂમિ પર ફરી વિરાજમાન થઈને કરોડો ભક્તોને દર્શન આપશે, કરોડોના હૃદયમાં ભક્તિ-શ્રદ્ધાની અભિવૃદ્ધિ કરશે. છેલ્લાં ૫૦૦ વર્ષનાં ભક્તોનાં તપ, બલિદાન, સમર્પણ, ભક્તિ અને શ્રદ્ધાથી આપણને શ્રી રામલલ્લાની પ્રતિષ્ઠાનાં દર્શન થશે.

આજના આ દિવ્ય પ્રસંગે ભગવાન શ્રીરામને પ્રાર્થના કરીએ કે ભારતમાં અને વિશ્વમાં સુખ અને શાંતિ થાય. દરેકમાં સંપ અને એકતાની ભાવના પ્રગટ થાય. દરેકનું જીવન ચારિત્ર્યવાન બને. દરેકના જીવનમાં ભક્તિ વધે. ભગવાન શ્રીરામ સૌનું ભલું કરે અને બધા તને-મને-ધને સુખી થાય.

અયોધ્યાની તીર્થભૂમિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે બાળવયે ઘણી લીલા કરેલી છે. અને પરમ પૂજ્ય યોગીજી મહારાજ તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે રામ મંદિરના નિર્માણકાર્યમાં ધૂન અને પ્રાર્થના કરી આ કાર્યને વેગ મળે તે માટે પ્રયત્ન કરેલો છે. તેઓનો ફાળો ખૂબ છે. પ્રથમ ઈંટનું પૂજન પ્રમુખસ્વામી મહારાજે કર્યું તે વખતે પરિસ્થિતિ નાજુક હતી, પણ તેઓએ પહેલ કરીને ડંકો મારી દીધો.''

અયોધ્યા ખાતે શ્રીરામની મૂર્તિપ્રતિષ્ઠા વિધિ પ્રારંભાઈ ત્યારે શ્રીરામ મંદિર પ્રતિષ્ઠાનો 'જય શ્રીરામ' અંકિત ખેસ ધારણ કરીને વિરાજમાન થયેલા સ્વામીશ્રીએ શ્રીરામચંદ્ર ભગવાનની મનોહર મૂર્તિનું ચંદન-અક્ષત પુષ્પાદિથી વિધિવત્

પૂજન કર્યું. દીપ-નૈવેદ્ય વગેરે અર્પણ કર્યાં. સદ્‌ગુરુ સંતોએ પણ ભગવાન રામચંદ્રજીનું પૂજન-અર્ચન કર્યું. અંતે આ ભગવત્સ્વરૂપોનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પી. આ પૂજન વખતે જ, સમાંતરપણે અયોધ્યામાં શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી મોહનજી ભાગવત પણ પૂજનવિધિ કરી રહ્યા હતા! સુંદર સુયોગ રચાયો હતો.

અહીંના તમામ વિધિ અને કાર્યક્રમનો પ્રથમ ભાગ સંપન્ન થયો, તેથી હવે અયોધ્યાથી જીવંત પ્રસારણ દર્શાવવામાં આવ્યું. નિર્ધારિત સમયે શ્રીરામજીની મૂર્તિમાં પ્રાણોની પ્રતિષ્ઠા થઈ તે સાથે જ બુલંદ શંખનાદ, રણશિંગા અને શરણાઈઓ ગુંજી ઊઠ્યાં. જયજયકારોથી ગગન ભેદાઈ ગયું અને નભમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ પૂજન બાદ ભારતના ભાગ્યચંદ્ર સમાન શ્રીરામચંદ્રની આરતી ઉતારી ત્યારે સમાંતરપણે સુરતમાં સ્વામીશ્રીએ પણ પ્રેમે આરતી ઉતારી. સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર સમગ્ર બી.એ.પી.એસ. સંસ્થામાં પણ ઘરે ઘરે સૌ ભક્તો આ મહાઉત્સવ ઊજવી રહ્યા હતા, તે સૌએ પણ આરતી દ્વારા ભગવાન શ્રીરામચંદ્રજીનાં ચરણોમાં ભક્તિભાવ અર્પી વધામણાં કર્યાં.

અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામચંદ્રજીની પ્રતિષ્ઠાવિધિ બાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં શ્રીરામ મંદિરના કોષાધ્યક્ષ પૂજ્ય સ્વામીશ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ, શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્રના અધ્યક્ષ પૂજ્ય મહંત નૃત્યગોપાલદાસજી મહારાજ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક શ્રી મોહનજી ભાગવત અને ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.

ભગવાન શ્રીરામ પ્રત્યે અનોખો ભક્તિભાવ અર્પતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ ૧૧ દિવસના અનુષ્ઠાન-ઉપવાસ કર્યા હતા. ગોવિંદદેવગિરિજી મહારાજે તેમને પારણાં કરાવ્યાં હતાં. સમારોહની સમાપ્તિ બાદ આજના અવસરમાં સહભાગી થવા માટે પધારેલા સંતો-મહંતો-મહામંડલેશ્વરો અને મહાનુભાવોએ મંદિરમાં જઈને ભગવાન શ્રીરામનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

અડધી સહસ્રાબ્દી બાદ આજે અયોધ્યામાં ભગવાન શ્રીરામચંદ્રજીની પ્રતિષ્ઠા થતાં, સમગ્ર ભારત અને વિશ્વના ખૂણે ખૂણે વસતા પ્રત્યેક હિન્દુનો સંકલ્પ પરિપૂર્ણ થયો હતો. ભગવાન શ્રીરામની પ્રતિષ્ઠા થઈ તેના આનંદ-ઉમંગમાં દેશવિદેશના બી.એ.પી.એસ.નાં સેંકડો મંદિરોમાં આજની સંધ્યા ભવ્ય આતશબાજીથી દીપાવલીના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. ◆

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી તારલાઓને અભિનંદન...**

### ડો. સાગરભાઈ પ્રવીણભાઈ આચાર્ય, સારંગપુર : પીએચ.ડી. થયા...



સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રધાનાચાર્ય તરીકે સેવારત શ્રી સાગરભાઈ પી. આચાર્યએ "પ્રસ્થાનત્રયસ્વામિનારાયણભાષ્યાનુસારમ્ અક્ષરતત્ત્વમીમાંસા" વિષય પર મહાનિબંધ રચીને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ મહાનિબંધમાં તેઓએ મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી વિરચિત પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્યોના આધારે અક્ષરબ્રહ્મ તત્ત્વની અનિવાર્યતા તથા અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવ્યું છે. વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનને નિરૂપતા આ સંશોધનકાર્યની આ સેવા બદલ તેઓએ ગુરુહરિની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને અભિનંદન. ◆

### બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના તેજસ્વી તારલાઓને સુવર્ણ-રજતચંદ્રક એનાયત થયા...



સૌરવ કોટડિયા



સાગર હિરાણી



આદર્શપુરુષદાસ સ્વામી



તીર્થ પટેલ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરમાં સંતો તથા યુવકો અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓએ સમગ્ર યુનિવર્સિટીમાં તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યું છે.

આ પૈકી શ્રી સૌરવ લાલજીભાઈ કોટડિયાએ આચાર્ય (એમ.એ.) કક્ષામાં ૯૩.૪૮% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વપ્રથમ ક્રમાંક સાથે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમજ શ્રી સાગર દેવરાજભાઈ હિરાણીએ આ જ કક્ષામાં ૯૧.૯૦% મેળવીને સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક સાથે રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આ જ પ્રમાણે, પૂજ્ય આદર્શપુરુષદાસ સ્વામીએ શાસ્ત્રી (બી.એ.) કક્ષામાં ૯૧.૦૨% મેળવીને યુનિવર્સિટીની તમામ શાખાઓમાં સર્વપ્રથમ ક્રમાંક સાથે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમજ શ્રી તીર્થ સંજયભાઈ પટેલે આ જ કક્ષામાં ૮૯.૨૪% મેળવીને સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક સાથે રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. સૌને હાર્દિક અભિનંદન. ◆


પુણે


મહુવા


હ્યુસ્ટન


એલ.એ.


શિકાગો



રોબિન્સવિલ


લંડન


ગાંધીનગર

દેશ-વિદેશનાં હજારો બી.એ.પી.એસ. મંદિરો અને કેન્દ્રોમાં આનંદ-ઉલ્લાસ સાથે શ્રીરામમંદિર પ્રતિષ્ઠાની ભક્તિભાવપૂર્વક ઉજવણી...

Swaminarayan Prakash Gujarati, March-2024, Published on 1-3-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





નાગપુર ખાતે શ્રીરામ મંદિર પ્રતિષ્ઠાની શાનદાર ઉજવણી...

તીર્થધામ સારંગપુર ખાતે શ્રીરામ જન્મભૂમિ પર
પ્રાણપ્રતિષ્ઠાનો દીપાવલિ તુલ્ય શાનદાર આનંદોત્સવ કરીને
સેંકડો સંતો અને હજારો ભક્તોએ ભગવાન શ્રીરામને વધાવ્યા.





Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas